અણધારી આફત

અને

સત્યનો જય

પ્રકરણ પહેલું

અમારી વાર્તાનો પડદો ગુજરાતના પાયતખ્ત અમદાવાદ શ
બહાર આવેલા શાહીબાગના રસ્તા ઉપર ઉઘડે છે સ
વહીદુદ્દીન પોતાના બેટા શરફુદ્દીનને લઈ મુંબઈ
આવનાર અનવરને લેવા અર્થે સ્ટેશન ઉપર
વખત હોવાથી ગાડીવાળાને ગાડી
બેટા ધીમે ધીમે બંગલાના ઝાંપા

આજની મેલમા મુબઇથી આવનાર આપણી વાર્તાનો મુખ્ય નાયક અનવર અમદાવાદનોજ રહીશ છે, મિયાંએ ન્હાનપણમાજ માત પિતાનો માયાળુ આશરો ગુમાવેલો હોવાથી હાલ તે પોતાના માત પિતાના ખાસ દોસ્ત વકીલ જમીલુદ્દીનના વહીવટ નીચે કેળવણીના મીષ્ટ ફળો ચાખી ગયો છે જમીલુદ્દીન વકીલ અમદાવાદમા ઘણાજ પ્રખ્યાત વકીલ છે, જો કે તેઓએ કાંઇ કાયદા કોઇ ડીગ્રી મેળવી નથી, છતા પોતાની કુદરતી બાહોશીના સબબે સારી નામના મેળવી બે પૈસે સુખી હાલત ભોગવે છે અનવરના પીતા અને એમને સારી મીત્રતા હોવાથી તેઓએ પોતાના મીત્રની નીશાની અનવર ને સારી કેળવણી અપાવી હતી, જેના પ્રતાપે આ વર્ષે અનવર બી એ ની ડીગ્રી મેળવવા ભાગ્યશાળી થયો હતો જમીલુદ્દીન વકીલની પત્ની બે ત્રણ વરસ ઉપર ગુજરી ગયા હોવાથી અને એમને કાંઇ બાલ બચ્ચા ન હોવાથી તેઓ અનવરને પોતાના સગા બેટા સમાન લેખતા હતા અને અનવરની મીલકતનો વહીવટ કરવા ઉપરાંત પોતાની સઘળી મીલકત પણ અનવરના નામ ઉપરજ કરી દેવાની ધારણા રાખતા હતા ...લમા અનવરે બી એ ની પરીક્ષા પાસ કરી પોતાનો વીચાર ...ાયત જવાનો જમીલુદ્દીનને જણાવ્યો, જે તેઓએ ઘણીજ ખુશી ...કબુલ રાખ્યો પણ તેઓ જુના વિચારના હોવાથી વગર પરણેલા ...ને વીલાયત મોકલવો વ્યાજબી ગણતા નહોતા તેથી તેઓ ...ગ્ન કરી દઈ ફરી વીલાયત મોકલવાનો વીચાર કર્યો ...નુસરી તેઓએ અનવરના લગ્નની વાત વહીદુદ્દી- ...જમીલા માટે મોકલી જે વહીદુદ્દીને તરત ...ે શરફુદ્દીન પોતાની બહેનના લગ્ન ... હતો જમીલુદ્દીને જ્યારે

વહીદુદ્દીન લગ્ન કરવા રાજી છે એમ જાણ્યુ ત્યારે તરતજ અનવરને મુબઇથી બોલાવી લીધો જે આજની મેલ ટ્રેનમા મુબઇથી આવનાર છે પોતાનો દીકરો અનવરની સાથે જમીલાના લગ્ન થાય તેમા નારાજ છે, એમ વહીદુદ્દીન સમજી ગએલા હોવાથી અત્યારે પોતાના દીકરાને સાથે લઇ સ્ટેશન ઉપર એટલા માટે જાય છે કે સ્ટેશન ઉપર ગાડીમાથી ઉતરતાજ અનવરની સાથે નરુદ્દીનની મુલાકાત કરાવી તેના જીગરનો રજ ઓછો કરાવી નાખે વહીદુદ્દીન પોતાની દીકરીને જેટલા હેતથી ચાહતા હતા તેટલાજ હેતથી પોતાના દીકરાને પણ ચાહતા હોવાથી અત્યારે તેઓ બહુજ માયાળુ શબ્દોમા પોતના બેટાના મનમાથી પોતાની દીકરીના ભવિષ્યના ખાવિદ પ્રત્યેનો રજ કાઢી નાખવા સમજાવી રહ્યા હતા છતા તે કોઈ રીતે માનતો ન હતો, તેથી છેવટની કોશીશ તરીકે તેઓ બોલ્યા –

“ બેટા ! હુ તો અનવરમા કાઇ જાતની ખોડ ખામી જોતો નથી છતા તુ મન બતાવે તો હુ હાલ તરતજ જમીલાના લગ્ન માટે નનકાર કરી દેવા તઇયાર છુ ”

“ શુ બતાવુ અબ્બા એક ખોડ હોય તો બતાવુને

“ ત્યારે શુ તે તદન નાલાયક છે ?

“ જી હા ! એમજ છે ”

“ પણ કાઈ સાબેતી ”

‘ હુ કહુ છુ ને ? ”

“ તુ તો કહેજ છે, પણ તારી વિરૂદ્ધમા મારી પાસે તેની બાહોશી, લાયકી અને સમજદારીની અનેક સાબેતીઓ છે, વળી તે ઉપરાત અનવરને હુ નહાનપણથી જોઉ છુ અને તે ઉપરથી અનુમાન બાધુ છુ તો જણાય છે કે તે જમીલાને માટે તો તદનજ લાયક છે ”

" અમ્મા આપ ભુલ કરો છો ? "

" તો દીકરા તું મારી ભુલ ભાગ "

' આપને લોકોએ ભરમાવેલા છે '

" તો તુ મને તે ભરમમાથી મુક્ત કર "

" શુ કહુ અમ્મા ? "

" પણ કઈ કહે તો ખરો "

' મને અનવરનો ચહેરો જોતાજ કુદરતી રીતે ધીક્કાર છુટે છે "

' અહિ તો હુ પણ લાચાર છુ કેમકે કાઇપણ સબબ અથવા કારણ વિના ધીક્કાર છુટે એ અજબ જેવુ છે '

" પણ આપને લગ્ન કરવા હોય તો કરો ને ? "

" તુ નારાજ હોય ને હુ કરૂ તે ઠીક ન કહેવાય "

" એમા તે શુ ? શુ મારા વિના લગ્ન નાજ થાય ? "

" દીકરા આવી બચપણની વાતો મુકી દઈ કાઇ મજબુત દલીલ દર્શાવી મારા મનને શાત કર, નહિ તો હુ સમજીશ કે તારી વાતો નાદાનીયતથી ભરેલી છે "

" એમજ સમજો, પણ હુ તો કાઇ કાળે અનવર જેવા બદમાશનુ મોહડુ નહિ જોઉ "

" દીકરા ! તારી હઠ આગળ હુ તો લાચાર થઈ ગયો, '

" ભલે ગમે તે થાવ "

" પણ જોને ! તુ મને તેની નાલાયકી પુરવાર કરવા માટે એવી કાઇબી સાબીતી આપ, એટલે કરી હુ તારી ઇચ્છા મુજબ કરૂ "

" અમ્મા હુ કાઇ કહેતો નથી આપને પુરો અધીકાર છે. પરતુ હુ એ લગ્નમા શામેલ નહિ થાઉ "

"દીકરા તારી નાદાનીથી ભરેલી વાતો સાભળી મને બહુજ ખેદ થાય છે માટે તુ નાદાની મુકીને રાજી થા."

"અમ્મા ! હુ મારા દુસ્મનની સાથે બેનના લગ્ન થાય તેમા કેવી રીતે રાજી થઈ રાહુ ?"

"દુશમન ! શાનો દુશમન ? તે બીચારો તો તારી દોસ્તી માટે તરફડીઆ ખાય છે અને તું દુશમન સમજે છે, અજબ !"

'આપ ચાહો તે કહો પણ જો જમીલાના લગન એની સાથે થશે તો હુ ઝેર ખાઇને મરીશ "

બન્ને બાપ દીકરાની વાતો અહિ સુધી પોહચી હતી કે રેલવેનો ઝાપો આવી પહોચ્યો વહીદુદ્દીને પાપો બધ હોવાનુ પુછતા પોરટરે જણાવ્યુ કે –"મેલ અમદાવાદ સ્ટેશનથી ઉપડી ચુકયો છે, " આ સાભળી વહીદુદ્દીને કહ્યુ –"હવે સ્ટેશન ઉપર જવુ નકામુ છે કેમકે મેલ આવી પહોચ્યો છે તેથી ચાલો પાછા બગલે જઈએ ' પણ શરીફુદ્દીને મેલ ગાડી ચાલી જાય તે પછી બગલે જવાનુ જણાવતા બને બાપ દીકરો ઝાપાની પાસે ઉભા રહ્યા

આ વખતે ઝાપા ઉપર બને બાપ દીકરા સિવાય બીજો એક માણસ ઉભેલો હતો જેના ચેહરા ઉપરથી જણાતુ હતુ કે તે કોઈ ભારે માદગી ભોગવીને હાલમાજ સારો થએલો છે, તેના શરીર ઉપર ફાટેલા લુગડા તથા માથા ઉપરનુ મેલુ ફાળીયુ તેની ગરીબીની ગવાહી આપી રહ્યા હતા, તેની ઉમર આશરે ચાલીસ વરસની હશે છતા માદગીના સબબે કમરમાથી વાકો વળી ગએલો હતો અત્યારે તેના ચહેરા તથા લુગડા લાબી મુસાફરી કરીને આવી રહયો છે એમ બતાવે છે બને બાપ દીકરા તેની પાસેજ જઇને ઉભા, એટલામા મેલ

ટ્રેનની વીસલ થઈ અને ભક ભક કરતુ એનજીન ઝાપા પાસેથી પસાર થયુ મેલટ્રેન હોવાથી સ્પીડ ઘણીજ જોરની હતી ઝાપા પાસેથી પુરા ડબા પસાર થયા હશે કે એકાએક ગાડીના એક ડબામાથી પીસ્તોલ છુટી અને તેની ગોળી સનનન કરતી આવીને બીચારા શરફુદ્દીનની છાતીમા પેસી પીઠમાથી નીકળી ગઈ ગોળી વાગતાજ શરફુદ્દીન એક ભયાનક ચીસ પાડી ભોય ઉપર પડી તરફડીઆ ખાવા લાગ્યો આ જોઈ વહીદુદ્દીનના હોશ ઉડી ગયા અને તેઓ પોતાના દીકરા પાસ એમા ગભરાયના ચેહેરે છાતી કુટવા લાગ્યા શરફુદ્દીન તરફડીઆ ખાતા કાઇક બોલવાનુ કરતો હતો પણ બીચારો એક શબ્દ બોલી શક્યો નહિ અને નાડ ધીમી પડવાની સાથે ગોળીના સદમાથી પાચ મીનીટમજ આ જહાનથી કુચ કરી ગયો

વહીદુદ્દીને પોતાના યુવાન પુત્રને આમ એકાએક અકસ્માતિક રીતે મરતો જોઈ રુદન કરવુ શરૂ કર્યુ, પણ પાસ ઉભેલા નમાઝ-કહ્યુ કે – ' તમે લાશને એકદમ ઘેર લઇ જાઓ નહિ તો પોલીસના 'તમારે થઇ મરવા મુસીબતમા સપડાવુ પડશે '' આ વાત થઇ રહી હતી એટલામા વહીદુદ્દીનની ગાડી આવી પહોચી જેમા તરતજ લાશને નાખી ગાડી બગના તરફ હંકારાઇ ગઇ અને પેલો મુસાફર અસબાબ ભરતો વાડેર તરફ રવાના થયો

પ્રકરણ બીજું

અમદાવાદ શહેરના નામીચા ડીટેકટીવ ઈન્સ્પેકટર બહાદુરખાન અસલ પંજાબના રહીશ હતા, પણ નહાનપણથી અમદાવાદમા આવી પોલીસની નોકરીમા જોડાઇને તથા અમદાવામાજ લગ્ન કરી લઇને તેઓ પુરેપુરા ગુજરાતી બની ગયા હતા તેઓએ નેક નિષ્ટા અને ભલાઇથી નોકરી કરી હોવાથી માત્ર થોડીજ મુદતમા ડીટેકટીવ ઇન્સ્પેકટરની ઉચી પાયરીએ ચડયા હતા આખા મુબઇ ઇલાકામા એમના જેવો ચાલાક અને મહેનતુ માણસ છુપી પોલીસ ખાતામા ન હોવાથી ચોમેર તેમની ચાલાકી, ચતુરાઇ અને ભલાઇની પ્રસશા થઇ રહી હતી આગળની વાર્તા શરૂ થાય છે તે વખતે તેમની વય આશરે ત્રીશ વરસની હતી

સવારના નવ વાગ્યાના સમયે પાચકુવા રોડ ઉપરના એક એટા ઘાટના બગલામા ડીટેકટીવ સાહેબ એમોને નાસ્તો કરી રહયા છે, એટલામા પટાવાળાએ અદર આવી એક ચીઠી આપી અને કહ્યુ કે – " એક માણુસ બહાર આવ્યા છે તે આપથી મળવા માગે છે બહાદુરખાને ચીઠી વાચી તા તેમા " મોહમ્મદ રફીક–સુરત " લખેલુ હતુ, તેથી કાઇક વિચાર કરીને પટાવાળાને પુછયુ –

" આ ચીઠી મોકનનાર માણસ પ્રથમ આપણે ત્યા આવેલો છે કે ? "

" નહિ સાહેબ આ પહેલીજ વખતે આવેલો હોય તેમ જણાય છે, અને લેબાસ ઉપરથી તો તે કોઇ ભીખારી હોય એમ લાગે છે "

"તેની ઉમર કેટલી છે?"

"આશરે સાઠેક વરસની હશે"

"તે મુરતનો રહીશ હોય એમ લીબાસ અથવા ચેહરા ઉપરથી વરતાય છે?"

"નહિ હુ કાઇ કહી શકતો નથી"

"ઠીક પાસેના રૂમમા બેસાડ"

"બહુ સારૂ સાહેબ"

પટાવાળો સલામ કરીને બહાર ગયો, અને બહાર ઉભેલા માણસને બગલાના એક ઓરડામા બેસાડી પોતે બહાર ચાલ્યો ગયો પાચેક મીનીટ નહિ થઈ હોય કે પાસેનો પરદો ઉચકાયો અને તેમાથી બહાદુરખાન ઓરડામા આવી પેલા માણસને પગથી માથા સુધી નીહાળી "અસસલામો અલયકુમ" કહી એક ખુરસી ઉપર બેસી ગયા એટલે પેલો આવેલો માણસ કે જેનુ નામ મોહમ્મદ રફીક હતુ તે "વલયક મુસ્સલામ" કહી ઉભો થઇ ગયો અને પોતાના મને હાથ જોડી બોલ્યો

"શુ અત્યારે હુ પ્રખ્યાત ઇન્સ્પેકટર બહાદુરખાનની સેવામા ઉભેલો છુ?"

"જી હા! હુ તેજ તાબેદાર છુ" એટલુ કહી બહાદુરખાને મોહમ્મદ રફીકને બેસવાનો ઇશારો કર્યો "આપ અહિ કેમ પધાર્યા છો?"

શુ અરજ કરુ? પણ ટુકમા એટલુજ કે ગરીબ છુ, નિરાધાર છુ, અનાથ છુ અને દુખીઆરો છુ તથા લુટાએલો છુ તેથી આપની પાસે દાદ મેળવવા આવ્યો છુ પહેલા અમીર હતો,

હાલ ગરીબ છુ, પરંતુ આશા છે કે આપના મહેરબાની ભરેલી કોશીશથી હુ મારી ગુમાવેલી અમીરી પાછી મેળવી શકીશ ”

‘ હુ તમોને જોઇને વણોજ દીલગીર થયો છુ, તમે તમારી સઘળી હકીકત કહો તે પછી હુ મારી બનતી કોશીશ કરીશ કહો અત્યારે કયાથી આવો છો ?”

“ જેલમાથી ”

“ જેલમાથી ? કારણ ?”

“ ગુન્હો કરી જેલમા ગયો નહોતો ”

ત્યારે ? ’

‘ હુ આપને મારી સઘળી હકીકત કહુ છુ અને આશા રાખુ છુ કે આપ તેને સાભળી મારા જેવા નિરાધારની સહાય કરવામા લગારે પાછી પાની કરશો નહિ ”

“ જુઓ સાભળો જો તમારી હકીકત સાચી હશે અને તમે ખરેખર નિર્દોષ હશો તો હુ તમારા કામમા જીવ જાનથી કોશીશ કરી તમારી આશા પુરી કરીશ ’

“ વારૂ ત્યારે સાભળો સાહેબ !

મારૂ નામ મોહમ્મદરશીદ છે અને મારા બાપનુ નામ મોહમ્મદશરીફ હતુ હુ તથા મારા વડવાઓ સુરતના રહેવાશી હતા મારા બાપ સુરતની એક મીલમા કેશીઅર તરીકે નોકર હતા મારી બાળવયમાજ મા ગુજરી ગએલા હોવાથી મારા બાપે બીજુ લગ્ન કીધુ નહી અને મને પાળી પોષી મોટો કર્યો મને નહાનપણથીજ ભણવા ઉપર બહુજ પ્રીતિ હોવાથી પદર વરસની વયે પહોચતા તો હુ ગુજરાતીની સાત ચોપડીઓ ભણી ઇગ્રેજીની ચોથી ચોપડી

ભણુવા લાગ્યો તે વખતે મારા પિતાએ મારૂ લગ્ન કરી આપ્યુ
મારા લગ્નની વખતે મારી સ્ત્રીની ઉમર આશરે નવ વરસની હતી
લગ્ન થવા પછી આઠ વરસે મારી સ્ત્રી મારે ઘેર આવી પણ તે
એવા શુકન લઇને આવી કે તેના આવવાના થોડાજ દીવસ પછી
મારા બાપ બેહેસ્તનશીન થયા મારા બાપે પોતાની આખી જીંદગી
ધંધા રોજગારમ ગુજારેલી હોવાથી મરણ વખતે તેઓ મારા
વારસામા એક લાખ રૂપીઆ રોકડા કે જે બેંકમા મુકેલા હતા અને
એક વિશાળ મકાન કે જેમા અમે રહેતા હતા તે મુકી ગયા હતા
મારા બાપના મરતાજ મીલના માલેકે મારા બાપનો જોખમ ભરેલો
હોદ્દો મને સોંપ્યો તે વખતે મારી ઉમર લગભગ ચોવીસ વરસની
અને મારી સ્ત્રીની ઉમર આશરે અઢાર વરસની હતી મારી સ્ત્રીનો
ચહેરો ચન્દ્રમાન દીપતો હતો, પરતુ તે કાઇ ભણેલી નહોતી
મને મીલમા કરીઅર થયાને આશરે પાચ વરસ ગુજરી ગયા તે
અરસામા કાઇ પણ સતાન થયુ નહી તેથી મારી સ્ત્રી દીલગીર
રહેવા લાગી તેણી બીજા લોકોના બચ્ચાઓને જોઇ પોતાના પેટના
બાળક માટે બહુ મોટી હોસ રાખતી હતી અને હુ પણ બચ્ચા
માટે બહુ બેચેન હતો તેથી એક દિવસ મે મારી સ્ત્રીને બહુજ
દીલગીર થએલી જોઇને કહ્યુ —"વ્હાલી ! ખુદા જે કરે તે ખરૂ,
તેમા દીલગીર થવુ ન જોઇએ જો તને બચ્ચા થવાના હશે
તો થશે જ પણ જો તારી તબીયત મુઝાતી હોય તો આપણે કોઇ
સગાના બચ્ચાને દત્તક લઇ હાલ તરત તો આ દીલગીરી ઓછી
કરીએ " આ સાભળી મારી વહુના ચહેરા ઉપર ખુશીનો પ્રકાશ
ચમકવા લાગ્યો અને તેણીએ મલકાતા મને જવાબ આપ્યો —
"બાળકની ઇચ્છા કોને ન હોય ? આ કુદરતની અનુપમ

બક્ષીસથી બેનસીબ રહેતા કોણ દીલગીર ન થાય ? પણ શુ કરીએ જે ખુદા કરે તે ખરૂ તેનાથી નાઉમેદ ન થવુ જોઈએ દત્તક લેવાની વાત તો ઠીક છે, પણ કોને દત્તક લેવો તેનો એક મોટો સવાલ છે ? તમારા સગાઓમા તો એવો કોઈ નથી હા ! વડાદરામા મારી મામીનો છોકરો એહમદ છે જેની વય હાલમા લગભગ અઢાર વરસની હશે તેને જો દરગર હોય તો બોલાવો બહુજ બાહોશ અને હુશિયાર છોકરો છે

મે મારી સ્ત્રીની મરજી અનુસાર એહમદને વડોદરેથી બોલાવી પોતાની પાસ રાખ્યો અને ધીમે ધીમે મારા કારોબારમા કાબેલ બનાવી મીલના કામમા પણ હુશિયાર કર્યો એહમદને કુદરતી રીતે મારૂ અને મરહુમ મગજ પ્રાપ્ત થએલુ હોવાથી ધારવા કરતા પણ થોડી મુદતમ તે દરેક કારોબારમા હુશિયાર થઈ મને મોટો મદદગાર થઈ પડ્યો એમ કરતા બીજા ત્રણ વરસનો ગાળો પસાર થઈ ગયો એક દીવસ રવીવાર હોવાથી હુ ઘરમા હતો અને બપોરનુ ખાણ ખાઈ મારા અંદરના ઓરડામા સુઈ રહ્યો હતો એકાદ કલાક મારી પેઠ ઉંઘ લીધા પછી એકાએક મારી આખ ઉઘડી ગઈ અને બહારના દીવાનખાનામા કોઈ વાતો કરી રહ્યો હોય તેમ મને જણાયુ તેથી હુ તરતજ ઉઠ્યો અને દીવાનખાનામાથી આવતા સાદને સાભળવા લાગ્યો

પરવરદગાર ! તે સાદ કોનો ? મારી સ્ત્રી અને મારા દત્તક એહમદનો ! તરતજ હુ ઉઠ્યો અને દરવાજાની ફાટમાથી જોવા લાગ્યો આહ ! મે શુ જોયુ ? મારી સ્ત્રી અને એહમદ દીવાનખાનામા પલગ ઉપર નગ્ન સ્થિતીમા સુતા સુતા વાતો કરી રહયા છે.

આ જોઈ મારી આંખોમા અંધારા આવી ગયા અને હુ પડતો પડતો બચ્યો અને સબર કરી પાછો પલંગ ઉપર બેશી ગયો થોડીવાર બેઠા પછી ગુસ્સામાને ગુસ્સામા પાછલા બારણેથી હુ બહાર ચાલ્યો ગયો અને છેક સાજના વખતે ઘેર આવી મારી સ્ત્રી ને એકાંતમા બોલાવીને કહ્યુ –

" મારો એવો મત છે કે તમે એહમદથી પરદો કરો, "

" કારણ ? " મારી સ્ત્રીએ ધ્રુજતા સાદે સવાલ કર્યો –

" કાંઈ કારણ નહિ, માત્ર મારી ઇચ્છા "

" કેવી વિચિત્ર ઇચ્છા ! મસીઆઇ ભાઈ અને વળી તે પણ દત્તક પુત્ર ! તેનાથી હુ પરદો કરૂ ? "

" હા એમા શુ થયુ ? "

" ત્યારે તેને તમો દત્તક નથી ગણતા ? "

' ગણુ છુ '

' તો ફરી તેનાથી પરદો કરવાનુ કારણ ? "

" માત્ર મારી ઇચ્છા, મરજી, અને આજ્ઞા "

" વાહ ! બહુ મારી આજ્ઞા, કાલે ઉઠીને તમે તો કહેશો કે બજારમા બેસ "

" છટ ! એ વાત જુદી છે, અત્યારે તો તમારે મારો હુકમ માનવો પડશે "

" અને તેને ન માનુ તો ? "

" તો તમારા માટે સારૂ નહિ થાય "

" એટલે ? "

" મારે તેના ઇલાજ લેવા પડશે "

" ઇલાજ ? કેવા ઇલાજ ? તમારા ઇલાજ છુટકો આપવામા સમાઇ જાય છે "

" ચાલ ચુપ થઇ જા, વધુ ન બોલ " મીજાજ ખોતા ડકીને મે કહયુ

' શુ સ્ત્રી જાતી સમજીને ડરાવો છો કે ? જો એમજ હોય તો મારૂ તમારી સાથે નહિ નભે ' મારી સ્ત્રીએ હિમ્મતથી જવાબ આપ્યો

" તુ ગાડી થઇ છે કે આમ વગર વિચારે બોલે છે ? "

' હુ તો કાંઇ ગાડી થઇ નથી ગાડા તો તમે થયા છો કે વિચિત્ર વાતો કરો છો "

' તુ તેને વિચીત્ર સમજ કે ગમે તેમ સમજ મે જે આજ્ઞા કરી છે તે તારે માનવીજ પડશે કેમક મે તારી તથા એહમદની દીવાનખાનામા થતી વાતો સાભળી તમારી સ્થીતીને મારી પેઠે જોઇ છ તેથીજ આ આજ્ઞા કરવી પડે છે, '

આ સાભળતાજ મારી સ્ત્રીના હોશ ઉડી ગયા, ચેહરાનો રગ ફીકો પડી ગયો અને પગ ધ્રુજવા માડયા જવાબ આપવા ચાહતી હતી પણ હોઠોના ધ્રુજવાથી બોલી શકી નહિ અને ઢોગ કરી રડવા લાગી આ જોઇ હુ ત્યાથી ઉઠીને બહાર ચાલ્યો ગયો દરવાજા ઉપર એહમદ ઉભો હતો તેના ચેહરા ઉપરથી સપષ્ટ જણાતુ હતુ કે તેણે અમારી વાતો સાભળી છે, મે એહમદને પાસે બોલાવ્યો અને કહ્યુ – ' એહમદ ! તુ આજથી જનાનામા જનો નહિ એમા ખોટુ માનવાનુ કાઇ નથી. એક ભેદ છે તેથી મારે આ આજ્ઞા કરવી પડી છે " આટલુ કહી હુ બહાર ફરવા માટે ચાલ્યો ગયો

સાજના આવીને જોઉ છુ તો ઘરમા મારી સ્રાનો પતો નથી, ત્રાજેરી ઉઘડેલી છે અને તેમા મારા હીરા મોતી ઇત્યાદીના ચાલીસ હજારના ઘરેણાનો પત્તો નથી આ જોઇ મારા તો હાજાજ ગગડી ગયા જો પોલીસને ખબર દઉ તો મારીજ ઇજ્જત જાય છે તેથી ચુપ થઇને કોટ ઉતારી (જેના ગજવામા મીલની ત્રીજોરીની કુચીઓ હતી) પલગ ઉપર પડયો અને એહમદને બોલાવીને પુછ્યુ –

" એહમદ ! ખરૂ કહે તારી બેહન કયા ગઇ ?

' મને શી ખબર "

" શુ તુ ઘરમા નથી રહેતો ? '

' રહુ છુ "

' તો ફરી તારી બેહેન ગઇ તે વખતે તુ કયા હતો

" જ્યારથી આપ બહાર ગયા હતા ત્યારથી હુ પણ ગયો હતો, જુઓ ત્યાર પછી હુ તો હમણાજ આવુ છુ

" ઓહ ખરેખર દીલગીરી ! "

' હા બહુજ અફસોસની વાત "

' જરા તુ જઇને તપાસ તો કર કે તે કયા ગઇ ? "

" હુ આખા ઘરમા શોધી આવ્યો અને આસપાસ પણ જોઇ આવ્યો પરતુ કયાએ પત્તો લાગ્યો નહિ "

' ત્યારે હવે શુ કરવુ "

"હુ તો એમ ધારૂ છુ કે તેઓ ગુસ્સાના માર્યા અહિંજ પાડપાડોશમા ગયા હશે, ગુસ્સો ઉતરતાજ ચા'યા આવશે "

"આબરૂદારોમા આવુ નહોતુ થયુ"

"ખરેખર ! આ પહેલોજ બનાવ છે"

અફસોસ ! તે રાત મે મહા મુસીબતે પથારી ઉપર આળોટતા કાપી અને સવારમા ઉઠીને મીલમા ગયો ત્યા જઇને જોયુ તો ત્રીજોરી ઉઘાડી પડલી છે, અને બેંકની બુક તથા મીલના બીજા કીમતી દસ્તાવેજો ગુમ થએલા છે આ જોઇ મારા શરીરમા ધ્રુજારી છુટી અને હજુ હું કાઇ વિચાર કરૂ તે પહેલા તો દસ હઝારની નોટોનુ બંડલ ગુમ થએલુ જણાયુ હાય ! તે વખતે મારી સ્થીતી ઘણીજ દયાજનક થઈ પડી, જો તે વખતે જમીન જગ્યા આપતે તો હુ જરૂર તેમા સમાઇ જતે મીલની આવી ગજબનાક ચોરીની હુ કોઇને કાઈ ખબર આપુ તે પેહલા તો મીલનો માલિક પોલીસ તેડી લઇને આવી પહોચ્યો પોલીસે મને પોતાના કબજામા લઇ મારા ઘર ઉપર જપ્તી બેસાડી જ્યાથી મીલના કીમતી દસ્તાવેજો મળી આવ્યા, આ જોઇ મારા દોસ્તો દુશ્મન થઇ ગયા મારા પોતાના માણસો પરાયા બની ગયા, જુઠા આરોપો અને બનાવટી સાક્ષીઓના પ્રતાપે મારા ઉપર કેસ મંડાયા અને તેમા છેવટે મારી હાર થઈ એટલે વગર લેવે દેવે દશ વરસ સખત મજુરીની સજા મને કરવામા આવી અને હુ જેલમા ગયો જેલમા મારા ઉપર બહુજ જુલમ ગુજારવામા આવતો હતો કોઇ જેલના સતાવાળાઓને કાઇ લાચ આપીને મારા ઉપર જુલમ કરાવતો હોય તેમ જણાતુ હતુ જેલના જુલમથી હુ એકજ હતો કે જે બચીને બહાર આવ્યો જો કદાચ મારી જગ્યાએ બીજો કોઈ હોત તો તે કયારનોએ મોતના બીછાને મીઠી ઉંઘમા પડયો હોત જેલમાથી છુટયા બાદ હુ મારે ઘેર ગયો તો જણાયુ કે મારો દત્તક એહમદ ઘર વેચી તથા બેંકના એક લાખ રૂપીઆ ઉપાડી મારી સ્ત્રીને લઈ કોણ જાણે કયાએ રવાના થઇ ગયો ! હા ! હુ જયારથી જેલમાથી છુટયો છુ ત્યારથી મને

એવુ જણાય છે કે હરપળે મારી સાથે એક માણસ ઓળાની પેઠે ફરે છે હુ માત્ર આપની પાસે દાદ ચાહવા અહિ આવ્યો રેલનો ઝાંપો મુંબઈ મેલનો વખત હોવાથી બધ હતો, જ્યારે મેલ ટ્રેન પસાર થઇ ત્યારે ટ્રેનના એક ડબામાથી કોઇએ પીસ્તોલ ટાકીને મારા ઉપર ગોલી છોડી પરતુ ભાગજોગે તે ગોલીનો ભોગ હુ ન બનતા મારી પાસે ઉભેલો એક વીસ વરસનો યુવાન બની ગયો અને તે બીચારો તેજ વખતે મરણ પામ્યો હુ અત્યારે આપની પાસ આવ્યો તે વખતે પણ ઓળો મારી પાછળ હતો અને હાલ તે આપના બગલાની બહાર ઉભો છે હુ આપની કીર્તી અને ચાલાકીની ઘણી તારીફ સાભળી મદદ માગવા આવ્યો છુ આશા છે કે આપ મને નિરાશ નહી કરો ”

મોહમદ રફીકનુ દુખી કથન સાભળી બહાદુરખાન દીલગીર થવાની સાથે ભારે વિચારમા પડી ગયા, અર્ધો કલાક સુધી તદન ચુપ રહેવા પછી ઘાડ વિચાર કરીને બોલ્યા –

“તમારી સ્ત્રીનુ નામ ? ”

“વહીદા બેગમ ”

“બેડમા તમારા કેટલા રૂપીઆ હતા જે તમારા દત્તકે ઉપાડી લીધા

“ એક લાખ ”

‘ ઘર કેટલી કીમતનુ હશે ? ”

“ ત્રીસ હજાર ’

“ ઘર કય મોહલ્લામા હતુ ? ”

“ સાદાગર વાડામા ”

“ તમારા દત્તક એહમદનો દેખાવ કેવો છે ? ’

ખુબસુરત ગોળ ગોળ ચેહરો, કાળી ભમરો, મોટી મોટી આંખો, સાધારણ કદ અને ડાબા ગાલ ઉપર બે આનાની બરાબર કાળો ડાઘ છે "

" ઠીક ત્યારે હુ તમારી મદદ કરીશ જરા મારી સાથે આવો આટલુ કહી બહાદુરખાન રફીકને અંદર ઓરડામા લઇ ગયા, ઓરડામા તદન અંધારુ હતુ એક બીજાનુ મોઢુ પણ દેખાતુ નહોતુ એટલામા બહાદુરખાને દીવાલ ઉપ નો બટન દાબ્યો એટલે તરતજ વીજળીની રોશની થઈ ગઇ તો જણાયુ કે તે ઓરડાની દીવાલો ઉપર તથા કબાટોમા સકડો જાતના લીબાસ અને દાઢી તથા મુછો મુકેલ છે તથા અનેક જાતની દવાઓની શીશીઓ પણ ગોઠવેલી છે એટલામા બહાદુરખાને મોહમ્મદ રફીકને કહયુ –

" તમારા લુગડા ઉતારી ધોતી પહેરો "

" બહુ સારૂ પણ "

" પણ બણ અહિ ચાલે નહિ હુ જે કહુ તે કરો "

" જેવી આજ્ઞા "

" આમ આવો "

" આવ્યો સાહેબ "

" આ બાટલીને નળની નીચે મુકી નળ ઉઘાડો "

" નળને ઉઘાડયો "

" કહેવાની કાંઇ જરૂરત નથી હુ પોતે જોઇ રહયો છુ "

" મારી ભુલ થઇ ગઇ "

" બાટલી પુરી ભરવાદો " બહાદુરખાન મુછમા હસતા હસતા બોલ્યા

" બહુ સારૂ "

જેટલી વારમા પાણી ભરાયુ તેટલી વારમા બહદુરખાને પોતાનો ડરેસ બદલી નાખ્યો એટલે તેલ રોગન વીગેરે રસાયણી વસ્તુઓ લગાની પોતાનો ચહેરા આબેહુબ મોહમ્મદ રફીક જેવો બનાવી તેના લુગડા પેહરી લીધા અને જાણે આબાદ મોહમ્મદ રફીકજ ન હોય તેવા બની ગયા તે બાદ એક શીશી કબાટમાથી કાઢી તેમાની દવા લઈ બાલટીના પાણીમા નાખી અને અસતરો લઇને મોહમદ રફીકની દાઢી તથા મુછો બોડી બાલટીના પાણીથી તેનુ મોહ્ુ ધોવરાવ્યુ બાલટીના પાણીથી મોઢુ ધોતાજ મોહમ્મદ એક દમામદાર ચેહરાવાળો બની ગયો અને તે ઉપર બનાવટી દાઢી મુછ લગાની મોહમ્મદ રફીકને પુરેપુરો કાબુલી પઠાણ બનાની દીધો જ્યારે બને જણા પોતપોતાના લીબાસમા પુરા સજ થઇ ગયા ત્યારે બહાદુરખાને મોહમ્મદ રફીકને એકસો રૂપીઆની નોટ આપતા કહ્યુ –

' લ્યો આ તમે તમારા ખર્ચ માટે રાખો અને જ્યાર તમારી મીલકત તમને પાછી મળે ત્યારે પાછી આપજો

" ખુદા આપનુ ભલુ કરે " મોહમદ રફીકે આભાર માની નોટ લઈને ગજવામા મુકતા કહ્યુ

" આ તમારો ચેહેરો બનાવટી છે માટે પાચ છ દીવસ સુધી મોહ્ુ ધોતા નહિ "

" જેવી આપની આજ્ઞા "

" ત્યારે હવે અહિથી નિડરપણે જાવ કેમકે આજ સુધી જે ઓળો તમારી પાછળ ભમતો હતો તે હવે ભમશે નહી "

" પણ મને તો બહુ બીક લાગે છે, "

"કાંઇ ચિંતા ન કરો, હવે હું ઓળાની સારી પેઠે ખબર લઇશ. તમે અહિંથી જાવ અને સ્ટેશનની પાસે આવેલી ધર્મશાળામાં જઇને મુકામ કરો અને દર અઠવાડીએ મારી મુલાકાત લેતા રહો."

મોહમ્મદ શરીફ આ સાંભળી પોતાને દીલાસો દેનાર મદદગારને આશીર્વાદો આપતો રવાના થયો અને આપણો બહાદુર ડીટેકટીવ સાંજ થવાની વાટ જોતો બેઠો.



પ્રકરણ ત્રીજું.

અમદાવાદની પશ્ચિમે સાબરમતી નદીના કીનારે આવેલા બગલાઓની લાઈનમા એક પીળા રગનો બેઠા ઘાટનો બગલો વકીલ જમીલુદ્દીનની માલેકીનો હોવાથી તે જમીલહાઉસના નામથી ઓળખાય છે અત્યારે બપોરના બે વાગી ગયા છે વકીલ સાહેબ સખત તાપના સબબે ખસની ટટીઓ લગાવી તેમાથી આવતી ઠડી પવનની લેહરીઓમા પોતાના પલગ ઉપર પડયા છે અને હમણાજ ઉઘ્યા હોય એમ જણાય છે એટલામા કોઈના પગનો ખખડાટ સાભળીને તેમની ઉઘ ઉડી ગઈ

વકીલ સાહેબ અસલ અહિનાજ રહીશ છે હાલમા તેઓની વય ચાલીસ વરસની લગભગ છે આજથી બે વરસ પહેલા તેમની પત્નીનો સ્વર્ગવાસ થતા તેઓ ભારે શોકમા આવી પડયા છે હરવા ફરવાનુ મોજશોખ કરવાનુ સર્વે તજી દીધુ છે એમ તો બે ચાર બચ્ચાઓ થયા પણ તે ગુજરી ગએલા હોવાથી અત્યારે તેઓ અપુત્ર હતા પરંતુ પોતાના મીત્રના પુત્ર અનવરને પોતાનો પુત્ર સમજી તેને કાબેલ બનાવવાને અથાગ મહેનત લઈ રહ્યા છે સાહેબના ગરીબ ગુરબાઓના કેસો મફત લેતા હોવાથી તેઓની કીર્તી ચોમેર પ્રસરી રહી છે વકીલ સાહેબ ખાણુ લઈને લગાર પોઢયા હતા કે કોઈના આવવાથી જાગી ઉઠયા આવનાર માણસ બીજો કોઈ નહિ પણ આપણી વાર્તાનો નાયક અનવર છે, તેનો ખુબસુરત ચહેરો દુશમનને દયા ઉપજાવે તેવો હતો વીસ બાવીસ વરસની વયનો તે એક ફાકડો જુવાન હતો

અત્યારે તેના શરીર ઉપર હીંદુસ્તાની ફેશનની કાળી અચકન અને માથા ઉપર તુર્કી ટોપી છે જેવો તે જમીલુદ્દીનના ઓરડામા દાખલ થયો કે જમીલુદ્દીને કહ્યુ –

" કોણ અનવર ! "

" જી હા આપનો સેવક "

" આ વખત મુબઈની કઇ ટ્રેન આવી ? "

" હાલ હુ મુબઇથી નથી આવ્યો પરતુ વીરમગામથી આવુ છુ "

" વીરમગામથી ? એટલે ! " અજબ થતા વકીલ સાહેબે પુછ્યુ.

" હુ સવારની મેલમા મુબઇથી આવ્યો હતો "

" તો ફરી અત્યાર સુધી ક્યા રહ્યો, તે તો મને મુબઇથી આવેલા કાગળમા લખ્યુ હતુ કે હુ એક બે દીવસ સુરત રોકાઇશ. અને ફરી કાલે તાર આવ્યો તેમા આજે મેલમા આવવાનુ લખ્યુ હતુ ફરી અત્યારે વીરમગામથી કેવી રીતે આવે છે દીકરા ! આ કેવી ગુચવણ ભરેલી વાત ! "

" કાકાજી ! હુ તો સવારની મેલમાજ અહી આવ્યો હતો પરતુ ટ્રેનમા સુઇ જવાથી વીરમગામ પહોચી ગયો "

" વાહ ! એવી તો કેવી ઉઘ ? "

" હશે ! પણ એક બહુજ દીલગીરીની વાત થઇ "

" શુ ખેરીયતતો છેને ? " વકીલ સાહેબે ગભરાઇને પુછ્યુ

" હા, ગભરાવાની કાંઈ વાત નથી, મે એક રીવોલવર (પીસ્તોલ) મુબઈથી બસ્સો રૂપીઆમા ખરીદી હતી, અને બહુ મોટી ચાહનાથી તેના ઉપર મારૂ નામ સોનેરી અક્ષરોએ ખોદાવ્યુ હતુ તે મારા ઉઘી જવાથી કોઇએ ચોરી લીધી. "

' ખરે ખર ? '

" જી હા ! "

આ સાભળતાજ વકીલ સાહેબના હોશ ઉડી ગયા અને ચ્હેરાને રગ ફીકો પડી ગયો એ જોઈ અનવર બોલ્યો –

"આપ શુ કરવા ગભરાઓ છો માત્ર બસ્સો રૂપીઆનીજ હતી '

અરે પણ દીકરા બહુ ખોટુ થયુ" જમીલુદ્દીને નિશ્વાસ નાખી કહ્યુ

'ખોટુ શાનુ ?" જવાબની ઇંતેજારીએ અનવર બોલ્યો

'અરે અત્યારે મારા મનમા હજારો વિચારો આવે છે'

'પણ આમ એકાએક શોકાતુર બની વીચારો આવવાનુ કારણ ?'

"હા મને જરૂર ખાત્રી છે કે તે જ કોઇ નાદાની કરેલી છે' વિચારોના ઘોડા દોડાવતા વકીલ સાહેબે કહ્યુ

કેવી નાદાની ? કાકા જરા સમજ પાડીને કહો મને આપની વાતોથી ગભરામણ થાય છે"

" લે ત્યારે સાભળ, તને યાદ હશે કે મે તારા લગ્ન માટે લખતા લખ્યુ હતુ કે તારા લગ્ન સબધી સર્વે કોઇ રાજી છે, પરતુ શેઠ શરફુદ્દીન નારાજ છે "

" હા, આપે લખ્યુ હતુ અને તે મને સારી પેઠે યાદ છે પણ તેને અને આજની વાતને શુ લાગે વળગે છે ?"

' જરા ધીરજ ધર, હુ કહુ છુ કે આજની વાતને તે વાત સાથે કટલો મોટો સબધ છે "

" જલદીથી કહો, નહિ તો હુ આની વાતોથી જરૂર ગાડો થઈ જઇશ "

" કહુ 'છુ, પણ તે પહેલા મને તુ સાચેસાચુ જણાવ કે શરફુદ્દીન પ્રત્યે તારા મનમા વગારે ધીકાર કે નારાજી છે ? "

" નહિ બીલકુલ નહિ '

"ખુદા કરે ને એમજ હોય,' આકાશ તરફ હાથ ફેરાવતા વકીલ સાહેબ બોલ્યા

" અને એમજ છે, પણ કાકા જરા આ કાગળ લઇને કોઈ માણસને સ્ટેશન માસ્તરની પાસે મોકલો તો સારૂ થાય "

" કાગળમા શુ લખ્યુ છે ? "

" મારી ચોરાયલી પીસ્તોલ બાબે તપાસ કરવાનુ લખ્યુ છે "

"લાવ હુ આપુ" આટલુ કહી જમીલુદ્દીને કાગળ લઇને ફાડી નાખ્યો

"આપની તબીયત તો સારી છેને ?" અનવરે વકીલ સાહેબની આવી વાતો સાભળી તથા કાગળને વગર લેવેદેવે ફાડી નાખતા જોઇ અજબ થતા પુછ્યુ

' હા એમ છે ખરૂ, પણ તે કાંઈ સાભળ્યુ ? "

" નહિ, કોઇ નવી વાત સાભળી નથી "

' ઠીક, પણ તુ મેલમા આવ્યો તે વખતે કયા કલાસમા હતો ? '

' સેકન્ડમા ? '

' તે ડબ્બામા બીજો કોઇ ઉતારૂ હતો ? '

' હા, એક યુરોપીયન હતો '

"અમદાવાદ સ્ટેશનની પાસે પીસ્તોલ ફુટવાની બાબત કાંઈ સાભળ્યુ છે "

'ના ?'

'ભારે આશ્ચર્યની વાત ?'

"હુ તો સુરત ઉપર ઉર્યો તો દેહ વીરમગામ જઈનેજ ઉઠયો '

"ખુદા કરેને એમજ હોય"

પણ છે શુ ? જરા કહી દો તો સારૂ ''

'શુ કહુ દીકરા, આજે એક ભારે ગમખ્વાર બનાવ બન્યા છે,'

'ગમખવાર બનાવ કેવો ?'

સવારમા તને સ્ટેશન ઉપર લેવા કાજે વહીદુદ્દીન પોતાના બેટા રાજ્જુદ્દીનને લઈને આવતા હતા '

હા તો શુ કોઈ કચરાઈ ગયુ ?" અનવરે ધીરજ ખોઇ દેતા પુછ્યુ

"નહિ"

"ત્યારે ઝટ કહો મને ભાર ચિતા થાય છે"

"એટલામા રેલનો ઝાપો બધ હોવાથી બને બાપ દીકરો ઝાપા ઉપર ઊભા રહ્યા અને મેલ ટ્રેન પસાર થઈ એટલામા ટ્રેનના એક ડબ્બામાથી પીસ્તોલ ફુટી જેની ગોળી રાજ્જુદ્દીનની છાતીમા લાગી "

"પણ તે બચી તો ગયો ને ?"

"નહિ, તે તો તેજ પળે મરી ગયો "

"મરી ગયો ?"

"તેજ વખતે"

"અફસોસ ! ત્યારે મારે જવુ જોઇએ"

"પણ હમણા તો તારી પોતાનીજ કમબખતી આવેલી છે"

"એટલે ?'

" નહાદુદ્દીન તેમજ બીજા લોકોના એવી માન્યતા છે કે તારા લગ્નમાં શરફુદ્દીન આડે આવતો હોવાથી તે પીસ્તોલની ગોળીથી તેનો જીવ લીધો "

" અફસોસ ! મને તો શું પણ પડછાયા નદીકને આ વાતની ખબર નથી "

" પણ બેટા તારા વિરૂદ્ધ પુરાવા બહુજ મજબુત છે " વકીલ સાહેબે દીલગીર થતા કહ્યું

" ક્યા ક્યા " અનવરે ધડકતી છાતીએ પુછ્યું -

' તારી પાસે રેલવેમા પીસ્તોલનુ હોવું, અને તેનું ગુમ થવું, શરફુદ્દીનની તારા પ્રત્યે નારાજી, અમદાવાદની ટીકીટ હોવા છતા વીરમગામ જવું અને જે મેલમાથી ગોળીનુ છુટવું તેજ મેલમા તારી હાજરી, એ બધા પુરાવા તારી વિરૂદ્ધ છે ! "

' પણ હું ખુદાના કસમ ખાઇને કહું છું કે આ વાતોથી હું તદ્દન બે ખબર છું "

બેટા ! મને તારા ઉપર પુર્ણ ભરૂસો છે પણ કાયદો તારા વિરૂદ્ધ છે "

" હું તદ્દન બે ગુનાહ છું "

' પણ કાયદો તને ગુનેહગાર બનાવે છે '

" અફસોસ ! લગાર આપ વિચાર કરો કે જેની સાથે હું લગ્ન કરવા ચાહું તેનાજ ભાઇને મારા હાથથી મારી નાખું એ કોઇ કાળે બનવા જોગ છે ! "

" એ હું સારી પેઠે સમજું છું "

" ત્યારે હવે મારે કરવું શું ? '

" હાલ તરત તો તુ હોટેલમા જઇને ઉતર અને પોતાની પીસ્તોલ ખોવાઈ છે અથવા ચોરાઇ છે એનુ નામ પણ ન લે "

" જેવી આજ્ઞા "

" પણ અનવર ! હુ તને ફરી ચેતાવુ છુ કે જો નાદાનીમા આ કામ તારાથી થઇ ગયુ હોય તો બેટા ઝેર ખાઇને સુઇ રહે અને જો તુ તદન નિરદોષ હોય તો પોતાને બચાવવાની પેરવી કર, તેમા હુ પણ મારી જાનતોડ કોશીશ કરવા તઇયાર છુ. "

" કાકા ! હુ આપના કદમોના અને મારી જુવાનીના કસમ ખાઈને કહુ છુ કે હુ આ વાતથી તદન અળગો છુ " આસુઓ લાવી અનવર બોલ્યો

"ત્યારે બેટા જા, હાલ હોટેલમા જઇને ઉતર હુ તને આવતી કાલે મળીશ " ધીરજ આપતા વકીલ સાહેબે કહ્યુ

" બહુ સારૂ આ ચાલ્યો "

આટલુ કહી અનવર રડતા દીલે ગાડીમા બેસી પોતાનો સામાન સાથે લઇ સ્ટેશન પાસેની એક હોટેલમા જઇને ઉતર્યો

પ્રકરણ ચોથું

બહાદુરખાન ડીટેકટીવ પોતાના બંગલામાં બેસી નવ વાગવાની વાટ જુવે છે, એટલામાં ભદ્રની ઘડીઆળમાં નવ વાગના સાભળ્યા અને તે સાથેજ નવની તોપનો પણ અવાજ આવ્યો, આ સાભળી બહાદુરખાન તરતજ ઉઠ્યા, અને સ્ટેશન તરફ રવાના થયા બહાદુરખાનને બંગલાની બહાર મોહમ્મદ રશીદના લીબાસમાં જોઈ પેલો ઓળો પણ તેમની પાછળ લાગ્યો રાત અધારી હોવાથી બહાદુર ખાન ઓળાનો ચેહરો જોઇ શકયા નહિ, પણ તેણે પેહરેલો સફેદ લીબાસ જોઇ તેજ મોહમ્મદ રશીદની પાછળ લાગેલો હશે એમ સમજી સ્ટેશન ઉપર ગયા અને ત્યાથી એક ગાડીમાં બેસી ગાડીવાળાને જોરથી કહ્યું કે-ઝાપડી તરફ ચલાવ ” ગાડી ચાલી બહાદુરખાનની નજર પાછળજ હતી, એટલામાં તેઓએ પોતાની પાછળ એક ગાડી આવવાનો ખડખડાટ સાભળ્યો થોડી વારમાં ગાડી ઝાપના રસ્તે આવી પહોચી એટલે તેઓએ ગાડીવાળાને ગાડી ઉભી રાખવાને કહ્યું, પોતે પાસેના ટેકરાની પાછળ જઈને ઉભા રહ્યા થોડી વાર ગુજરી નહિ હોય કે પેલા ખડખડાટ વાળી ગાડી આવી પહોચી અને તેમાથી પેલા ઓળા જેવો માણસ ઉતરીને બહાદુરખાનની પાસેથી પસાર થવા લાગ્યો, એટલે તરતજ બહાદુરખાને તેને પાછળથી પકડી નીચે નાખી એક એવાતો જોરથી લાત મારી કે તે બેશુદ્ધ થઈને ભોય ઉપર પડી ગયો એટલે બહાદુરખાને તેની દાઢી પકડતાજ તે બનાવટી હોવાથી મુછોની સાથે નીકળી પડી બહાદુરખાને પોતાનુ ચોર ફાનસ સળગાવીને જોયુ તો તે ઓળો

એક યુવાન માણસ હતો બહાદુરખાને બહુજ ચપળતાથી તરતજ હેન્ડ કમેગની મારફતે તેનો ફોટો ઉતારી તથા તેની કમરમાથી કટારી તથા ગજવામાથી પીસ્તોલ કાઢી લઈ તેને ત્યાજ પડતો મુકી પોતાની ગાડીમા બેસી સ્ટેશન તરફ આવ્યા સ્ટેશન ઉપર આવતાજ ગાડીવાળાને ભાડુ આપી ઘડીઆળ જોઇ તો તેમા અગીયાર વાગવામા વીસ મીનીટ ઓછી હતી એટલે તરતજ પ્લાટ ફર્મ ઉપર ગયા જ્યા ઝાપાના પાસે એક મુસલમાન સ્ત્રી બુરકામા મોહટુ છુપાવી ઉભી હતી, તેણીએ જ્યારે બહાદુરખાનને મોહમ્મદ રફીકના લીબાસમા જોયા ત્યારે એકદમ ગભરાટમા ' અરે આતો મોહમ્મદ રફીક ! " પોકારતા તરતજ ત્યાથી ચાલી ગઇ આ જોઇ બહાદુરખાને કહ્યુ –' વાહ ઇ ગુલે દીગર શિગુફ્ત ! "

પ્રકરણ પાંચમુ

ગરીબ બીચારો અનવર હોટેલના એક ઓરડામા એમની પોતા ઉપર આવી પડેલી અણધારી આફત બાબે મનમા ગભરાઇને વિચાર કરી રહ્યો હતો અને પોતાના મનમા બબડતો હતો કે –" ઓ ખુદા હવે મારૂ શુ થશે! હુ ખુનીઓની પેઠ પકડાઇશ અને ચોર લુટારા, ઠગારા અને બદમાશોની સાથે કેદ ખાનામા પુરાઇશ મારા વડીલોની આબરૂ ઉપર પાણી ફરી મને આખી દુનીઆ કુળનુ નામ ડુબાવનાર તરીકે લેખશે હાય હવે હુ ક્યા જાઉ? ઓ ખુદા! તુ સારી પેઠ જાણે છે કે હુ તદ્દન બે ગુનાહ છુ પરતુ જ્યારે કોરટમા મારા ઉપર પુરાવાના પ્રતાપે ખુનનો આરોપ મુકાશે ત્યારે મારૂ શુ થશે! હુ ફાસીએ ચડીશ, પણ મને આશા છે કે ખુદા નિર્દોષનો બેલી થઇ મને બચાવશે "

આ તરફ તો અનવર આવા વિચારોમા ગાડા બની રહયો હતો, અને હોટલના બહાર એક ગાડી આવીને ઉભી રહી જેમાથી એક સાધારણ પોશાકવાળો માણસ ઉતરીને હોટેલમા આવ્યો હોટલવાળા ખાનસામાઓ પ્રથમ તો તેના પોશાક જોઇ ડકકબગાની હશે એમ સમજ્યા પણ ફરી જ્યારે પેલા માણસે દસ રૂપીઆની નોટ આપીને પોતા માટે એક ઓરડો માગ્યો ત્યારે સઉ કોઈ અજબ થવાની સાથે તેનો આદર સત્કાર કરવા મડી પડયા એક બુટલેરે તરતજ નમીને સલામ કરી અને અનવરની પાસનો ખાલી રૂમ ઉઘાડી આપ્યો. પેલો મુસાફર તેમા જઇને બેઠો, તેને થોડીજ વાર

થઈ હશે કે હોટલની બહાર એક રેલવેનો ગાર્ડ પોતાના યુનીફોર્મ મ
આવ્યો અને બુટલેલને પુછવા લાગ્યો –

' અહિં મી અનવર બી એ ઉતરેલા છે ? ' '

સાહેબ અમે નામ તો જાણતા નથી પણ અમારે ત્યા બે
પેસનજરો ઉતરેલા છે એક તો સાધારણ લીબાસનો છે જે હમણાજ
આવ્યો છે અને બીજો લગાર ફાંકડો છે, જાણ્યામા તેજ મી અનવ
હશે " બુટલેલે ગાર્ડ સાહેબની ખુશામદ કરતા કહયુ,

" ઠીક તેમને મારો આ કાર્ડ આપી આવ ' ગાર્ડે ફર
બનાવતાજ બુટલેલને હુકમ કર્યો

બુટલેલ ગાર્ડનો વીઝીટીંગ કાર્ડ લઈ ભુલમા પલા હમણાં
આવેલા મુસાફરની રૂમમા ગયો અને તેને કાર્ડ આપ્યો કાર્ડમા નીચે
પ્રમાણે લખેલુ હતુ

" બાબુ બલદેવપ્રસાદ ગાર્ડ "

' કોણે આપ્યુ ? " કાર્ડ વાચીને પેલા મુસાફરે બુટલલને પુછ્યુ

" બહાર એક ગાર્ડ સાહેબ આવેલા છે તેમણે આપ્યુ "

' આ માણસને હુ ઓળખતો નથી ' "

' તો શુ આપનુ નામ અનવર નથી ' "

' ના ! "

બુટલેલ કાડ લઈને પાછો ગયો, અને અનવરને જઈને આપ્યો
અનવરે કાર્ડ લઇ ધ્રુજતા સાદે "ગાર્ડ સાહેબને અદર બોલાવો" કહી
પોતે ભારે ચિતામા પડી ગયો

બલદેવ પ્રસાદ અસલ હિદુસ્તાન તરફનો રહેવાશી હતો પ
નોકરીના સબબે હાલ તે અમદાવાદમા રહેતો હતો તેનુ શરી

પાતલુ આખો અંદર બેઠેલી હતી, તેના ચહેરા ઉપરે દગાખોર અને વ્યભીચારી હોવાની સાબેતી આપી રહયો હતો બુટલેલ તેને અનવરના રૂમમા લઇ ગયો જ્યા જતાજ બલદેવપ્રસાદે નમન કરતા પુછયુ –

“ આપજ મી અનવર છો ? ”

“ જી હા ! અને આપ સાહેબ ? ” અનવરે બલદેવ પ્રસાદને પગથી માથા સુધી નિહાળતા પુછયુ

“ જી ! મારૂનામ બલદેવપ્રસાદ છે અને હુ બી બી સી આઇ રેલવેમા ગાર્ડ છુ જે ત્રેનમા આપ મુબઇથી પધાર્યા તેજ ત્રેનમા હુ પણ હતો ” બલદેવપ્રસાદે અનવરના ચેહરા ઉપર થતા ફેરફારને જોતા કહયુ

“ હુ મુબઇથી જે ગાડીમા આવ્યો તેજ ગાડીમા આપ પણ હતા એમ જણાવવાનુ કારણુ ? ” અનવરે ધડકતી છાતીએ સવાલ કર્યો

“ કારણુ એ કે આપની કોઇ વસ્તુ ગુમ થઇ છે ? ” હાસ્યભર્યા મુખે બલદેવપ્રસાદ બોલ્યો,

“ ના મહારી કોઈ પણ વસ્તુ ગુમ થઇ નથી ” અનવરે હીમતથી કહયુ

“ આપ યાદ કરો, જાણ્યામા ભુલી ગયા હશો ” બલદેવ પ્રસાદે એક વાતને પકડી રાખતા કહયુ

“ નહી જી મને સારી પેઠે યાદ છે ” અનવરે વાત ઉડાવતા કહયુ

“ નહિ આપ ભુલી ગયા હશો ? ”

" ખેર, હુ ભુલી ગયો, પણ આપની કાંઈ મતલબ ? "

" હુ આપનો હિતેચ્છુ છુ તેથી આપના લાભની વાત કહેવા આવ્યો છુ "

" આપની મોટી મહેરબાની "

" ત્યારે યાદ કરો જોનએ, ડબ્બામા આપની પીસ્તોલ રહી ગઈ છે કે ? "

" મમમમમારી પીસ્તોલ ? " ગભરાતા ગભરાતા અનવરે અજાયબી જાહેર કરી

" ગભરાશો નહિ હુ આપનો હિતેચ્છુ છુ "

" ના હુ કાંઈ ગભરાતો નથી "

" હુ આપની મુલાકાત લેવા નકીબ જમીલુદ્દીન સાહેબના બંગલે ગયા હતો પણ ત્યાથી એવી ખબર મળી કે આપ હોટેલમા ઉતર્યા છો તેથી અહિ હાજર થયો "

" ત્યારે આપને બહુ તસ્દી પડી ! "

' નારે ! એમા કાઇ તસ્દી જેવુ નથી પણ આપને બીજી કાઇ ખબર મળી છે કે ? "

' ના બીજી કેવી ખબર ? "

' શુ આપને હજુ સુધી ખબર નથી ? "

' પણ શાની ? "

" તો શુ ત્યારે આપે પોતા માટે અત્યાર સુધી કાઇએ બંદોબસ્ત કર્યો નથી ? "

" શાનો ? "

" ખુનના તોહમતનો "

"ખુનનુ તોહમત?"

"હા! આ પીસ્તોલથી ખુન કર્યાનુ તોહમત!"

"કઈ પીસ્તોલ?"

"આ જે હાલ મારી પાસ છે તે!"

'તે મને આપી દો"

"ના અત્યારે નહિ'

"તો શુ કાઇ લેવાની ઇચ્છા છે!"

"જી, એમ પણ હોય દુનીઆ તો મતલબી છે'

"પણ હુ લાંચ આપતો નથી"

"આપવી પડશે કેમકે અત્યારે આપ કેવા ભયકર તોહમતમા સપડાયલા છો તેનો લગાર વિચાર કરો, વળી પીસ્તોલ ઉપર તમારૂ પોતાનુ નામ પણ કોતરેલુ છે,"

'તો શુ હુ જાણી બુઝીને પીસ્તોલ ગાડીમા મુકીને ચાલ્યો આવ્યો?"

"બેશક એમા કઈ શક છે?'

"જો કદાચ હુ ખુની હોત તો પીસ્તોલ શા માટે મુકી આવત?"

"મુકી ન આવત તો શુ કરત? સાથે લાવતા તો જરૂર પોલીસ પકડત"

"હુ ફેકી દેત"

"પોલીસ શોધી કાઢત"

"હશે જવાદો એ વાત તમો શુ ચાહો છો?"

"વીસ હજાર રૂપીઆ!"

'હુ તો એક રાતી પાઇ પણ નહિ આપુ'

'ત્યારે હુ પોલીસને સોપી દઉ? જુઓ બહુ ખરાબી થશે?"

'ચિંતા નહિ"

'બહુ ખોટુ થશે'

'પરવા નહિ!"

'ફાંસીએ ચડશો!"

'નહિ સત્યનો હમેશા જય છે

અરે કલજુગમા સત્યનુ ઠેકાણુ નથી!"

'પરવા નહિ'

'ત્યારે પોલીસને આપી દઉ?"

'ખુશીથી હુ એજ ચાહુ છુ કે મારૂ નિર્દોષપણુ કોર્ટની મારફતે સાબીત થાય અને હુ માનની સાથ છુટુ'

"ઓ કમનસીબ! કાલે આ વખતે તુ જરૂર ફાંસી જેલમા હશે" દાત પીસીને બલદેવપ્રસાદ બોલ્યો

જે વખતે આ બનેમા આ પ્રમાણે વાતચીત થઇ રહી હતી તે વખતે પાસના રૂમમા આવેલો મુનાવર પરદાની પાછળ ઉભો રહી આ બનેમા થતી વાતચીત સાભળી રહ્યા હતો તેણે આ વાતો સાભળી પોતાના ખીસામાથી હેન્ડ કેમેરા કાઢી અનવર અને બલદેવ પ્રસાદની સાથે છબી ખેચી લીધી

'ભલા માણસ ફરી કહુ છુ કે લગાર વિચાર કર બલદેવ પ્રસાદે મુન્શી ઉપરથી ઉઠતા બીજી વાર અનવરને સમજાવ્યો

"કાઇ વિચાર કરવાનુ નથી મારા જેવા નિર્દોષને ખુદા મદદ કરશે"

"જો સમજી જા, ખુદાના ભરુસા ઉપર ફાંસીયે ન લટક"

"હવે તેની તને શી ચીંતા, જે ભાગ્યમા હશે તે થશે"

"ઠીક ત્યારે જોઇ લે બચ્ચા તારી મઝા"

આટલુ કહી પગ પછાડી બલદેવપ્રસાદ ચાલતો થયો અને અનવર બીચારો પોતાની ચિંતાઓમા પડ્યો

પ્રકરણ છઠુ.

રાતના બાર વાગે અમદાવાદ સ્ટેશનની પાસે આવેલી ધર્મશાળાઓની એક ઓરડીમા એક સ્ત્રી પુરૂષ બેસીને વાતો કરી રહ્યા છે તેઓ બને કાંઇ ભારે ગુંચવણમા પડયા હોય તેમ જણાય છે, એટલામા પુરૂષ બોલ્યો –

"શું તુ ખાતરી પુર્વક કહે છે કે તેને તે સ્ટેશન ઉપર જોયા ?"

"હા ! પુરી ખાતરીની સાથ '

" અરે બીજો કોઇ હશે !

' નહિ જરૂર તેજ મોહમ્મદ રફીક હતો '

' ભારે આશ્ચર્યની વાત !'

' કેમ ? '

"મે મોહમ્મદ રફીકને કાપના સ્ટેશન ઉપર ગાડીમાથી ઉતરતા જોયો અને થોડીજવારમા તે અલોપ થઇ ગયો એટલામા કોઇ બદમાશે મને લાગી પેટ માર મારી હુ તો અત્યારે મોતના મોહમા જતો જતો બચ્યો !"

' ખુદા તારી મદદ કરે મારા વ્હાલા ! "

" અરે હુ તો પેલાની પછવાડે ચાલ્યો જતો હતો એટલામા બદમાશે પાછળથી આવીને એવી લાત મારી કે હુ બેહોશ થઇને પડી ગયો "

" ચાલો હશે, ખુદાનો આભાર માનીએ કે ખેરીયત થઇ "

" પણ હવે તો મને બહુજ બીક લાગે છે "

'મને તો જણાય છે કે મોહમ્મદ ગફીકની જરૂર કોઈ મદદ કરે છે કેમકે જે માણસે મને માર મારી તેણે મારા ખીસામાંની નોટોને હાથ પણ લગાડ્યો નહિ પરંતુ મારી બનાવટી દાઢી મુછ તથા પીસ્તોલ અને કટારી લઈ ગયો તેથી મારે ચિંતા થાય છે માટે હવે આપણે અહિંથી પોબારા ગણી જવું જોઈએ

'મને તો કંઈ સમજ પડતી નથી તારા કહેવા પ્રમાણે હું સ્ટેશન ઉપર જઈને તારી વાટ જોતી ઉભી એટલામાં મેં સ્ટેશન ઉપર મોહમ્મદ ગફીકને જોયો અને તું કહે છે કે મોહમ્મદ ગફીકને કાપમાં જોયો તેથી હું તો એવો અનુમાન બાંધું છું કે—"જેને મેં સ્ટેશન ઉપર જોયો તે ખરેખર મોહમ્મદ ગફીક હતો, અને જેણે તને લુટ્યો તે કોઈ ભામટો હોવો જોઈએ જે લીબાસ બદલીને આવ્યો હશે'

"અરે નહિરે! ખરેખર મેં મોહમ્મદ ગફીકને ગાડીમાંથી ઉતરતા જોયો ને'

"એ બાપડા ભીખારીની પાસે પૈસા ક્યાંથી હોય કે તે ગાડીમાં બેસે? જો પૈસા હોત તો સુરતથી પગે ચાલીને શા માટે આવતે'

'હા' એ પણ વિચારવા જેવી વાત છે"

વાંચકો ઉપલી વાતોથી આપ સમજી ગયા હશો કે આ બંને સ્ત્રી પુરૂષ બીજા કોઈ નહિ, પણ કમનસીબ મોહમ્મદ ગફીકની બેવફા કુલટા સ્ત્રી વહીદા અને નીચ દત્તક એહમદ હતો, પાપનો ઘડો જ્યાં સુધી ભરાયો ન હોતો ત્યાંસુધી આ બંને પાપીએ પોતાના પાપી દીવસ અમન ચેનમાં ગુજાર્યા પણ કુદરતના નિયમાનુસાર હવે તેઓ દુનિયામાંજ પોતાના કૃત્યનો બદલો પામવા માટે જુદી જુદી ચિંતાઓમાં ફસાયા થોડી વારની ચુપકીદી પછી વહીદા બોલી—

'અહમદ ' મોહમ્મદ શરીફ જેલમાથી જીવતો બહાર નીકળશે એમ મ સ્વપને પણ આશા રાખી નહોતી ”

“ હા ! હુ પણ એમજ સમજ્યો હતો, પણ ખેર, જે થયુ તે થયુ બીજુ કાંઈ સાભળ્યુ ? ”

‘ ના ”

“ એક ખુન થયુ

“ કોનુ ?”

“ બલદેવ પ્રસાદે મોહમ્મદ શરીફને માટે જે ગોળી છોડી હતી તે તેને ન લાગતા એક બીચારા યવાન મુસલમાનને લાગી, જે તરતજ મરી ગયો ”

‘ હાય ! હાય ! ત્યારે હવે શુ થશે ? ”

“ થાય શુ ? ચારે બાજુએથી મકટોએ ઘેર્યો છે ”

‘ વ્હાલા ખુદા બચાવશે ”

“ હુ તો આખા શહેરમા મોહમ્મદ શરીફને શોધી વળ્યો પણ ક્યાયે પતો લાગતો નથી કોણ જાણે કયા પાતાલમા જઈને સતાયો છે ”

“ પણ આ બલદેવીઆએ તો ગજબ કર્યો ’

“ ખરેખર, અને વળી એની લુચ્ચાઈ તો જો ? વીસ હજાર રૂપીઆ માગે છ ”

‘ વીસ હજાર શાના ? મુળમાજ બે હજાર ઠરાવ્યા હતા ને ? ”

“ અને તેમાથી પણ એક હજારતો અગાઉથીજ આપી દીધા છ ”

“ ફરી શાના આપવા, જે કામ માટે ઠરાવ થયો હતો તે તો થયુ નહિ અને બીચારા એક બેગુનાહને તેણે મારી નાખ્યો ”

અરે પણ એ બહુજ બદમાશ માણસ છે મને આજે કહેતો હતો કે તમે મને વીસ હજાર રૂપીઆ આપો નાહ તો હુ તમોને ફસાવી દઈશ ”

ત્યારે શુ કરવુ ?

મારો એવો વિચાર છે કે દસ હજાર આપીને માંડવાળ કરી નાખીએ ”

‘ ના ! મકતના નથી કે આપી દઈએ ”

ત્યારે આપણે એનાથી બહુજ બીવુ જોઈએ, કમકે તે આપણો સઘળો ભેદ જાણે છે તેથી જો તે ચાહે તો પળવારમાં આપણને ફસાવી શકે છે ’

‘ એ તો ખરુ પણ આવી રીતે રૂપીઆ ભરવાથી બહુજ જલદી આપારૂ દેવાળુ નીકળી જશે, માટે બગરેન પ્રસાદને ખબર ન પડે તેવી રીતે આપણે એ ચાર તન્ન કાંઈ બીજા સ્થળે જઈ રહેવુ જોઈએ

હા ! આ વિચાર સારો છે ”

હુ તો પહેલેથીજ કહેતી હતી કે જો, તુ મોહમ્મદ શરીફના પાળ ન પડ પણ તે માટે માન્યુ નહિ, અને હાથે કરીને આ બલી સીપતી મો પોતાને માથે વહોરી લીધી ”

મને શી ખબર કે આનુ પરિણામ આવુ આવશે ? મ તો આટલાજ માટે એનો પીછો પકડ્યો હતો કે એમેને તે કદમાથી કરીને આપણને ભોગી ન કાર ’

‘ પણ તે કરીને આપાકુ શુ કરતો ? ”

‘ શુ કરતો ? તુ તેની પરણેતર હોવાથી પ્રથમ તો તે મને

પોતાની પરણેતર સ્ત્રીને નસાડી લઇ જવાના આરોપમાં પકડીને કેદ મોકલતો, અને તે બાદ મીલમાં તથા બેંકમાં કરેલા ગબન, ગોટાળાની સજા અપાવતો."

"હશે હવે તે કાંઇ કરી શકતો નથી. માટે ગઈ ગુજરીના યાદ ન કરતાં કાંઈ ખુશાલીની વાત ચલાવ."

"ખુશીના દીવસો ગયા. હાલ તો પકડાવાના બીકથી મારૂં મગજ ઠેકાણે નથી, પણ તું મને કહે કે જો કદાચ હું પકડાઇ ગયો તો તું શું કરીશ?"

"જવા દે વ્હાલા! અત્યારે આ વાત જવા દે."

"નહિ મને જવાબ આપ."

"પણ હું કહું છું કે તું કોઈ કાળે પણ પકડાઇશ નહિ."

"પણ જો કદાચ પકડાયા તો?"

"તો હું મારો જાન તારા ઉપર કુરબાન કરી દઇશ, તારા સાથે તો હું જીવતી છું. માત્ર તારા પ્યારા ચહેરાને જોઇને તો હું જીવું છું. માત્ર મેં તારી ખાતર એવું ભયંકર કામ કર્યું છે કે તેના જેવું આજ સુધી કોઈ પણ સ્ત્રીએ નહિ કર્યું હોય, માટે તારા વિના હું જીવીને શું કરૂં? પણ ખુદા કરશે તો એવું નહિ થાય."

"વ્હાલી વહીદા! માત્ર મેં પણ જે નીમકહરામી કરી છે તે તારા ચંદ્ર સમાન ચહેરાના તેજથી અંજાઇનેજ કરી છે. ખુદા તને સલામત રાખે."

"મારા પ્યારા એહમદ! તું લગારે ચિંતા ન કર, દુનિયામાં હું તારા માટેજ આવી છું, અને તું પણ મારા માટેજ, માટે લગારે ચિંતા ન કર, બળતી ચેહમાં તારી સાથે કુદવાને હું હર વખત તઇયાર છું."

" શાહબાશ ! વ્હાલી શાહબાશ ! "

" તો હવે આ વાત નકી થઇ ચુકી ને, કે આપણે અહીંથી કોઇ બીજા સ્થળે ગુમનામીમાં જીંદગી ગુજારવી "

" હા નકી "

વહીદા અને એહમદ આ વાતો કરતા કરતા નિદ્રાને વશ થઇ ગયા

પ્રકરણ સાતમું

વહીદુદ્દીન પોતાના બંગલાના ઓરડામાં ઇઝીચેર ઉપર અઢેલીને ભારે ગમગીનીમાં બેઠા છે પોતાના એકના એક બેટાના ગમખાર મરણથી અત્યારે તેઓના ચહેરા ઉપર ભારે ઉદાસી વ્યાપી રહી છે આંખો રડવાથી સુજીને લાલ થઈ ગઇ છે એટલામાં નોકરે ફોજદારના આવવાની ખબર આપી એટલે તેઓએ લગાર હુશિયાર થઇને અંદર આવવા કહયું, થોડીવારમાં પોલીસનો ફોજદાર દીલગીર ચહેરા સાથે વહીદુદ્દીનની પાસે આવ્યો અને સલામ કરી પાસેની ખુરસી ઉપર બેસી ગયો વહીદુદ્દીને આવા દુખમાં હોવા છતા પણ યોગ્ય સત્કાર કરી ખબર અંતર પુછી જેના જવાબમાં ફોજદાર બોલ્યો

" આપની મહેરબાનીથી સારો છું, પણ આપના યુવાન બેટાના મરણનું સાંભળી ભારે દીલગીરી ઉપજી છે "

" શું કરૂં, સબર કરીને બેઠો છું ખુદાનો માલ હતો તેણે આપ્યો હતો અને તેણેજ પાછો લઈ લીધો ' આંખોમાં આંસુ લાવી વહીદુદ્દીન અચકાતા અચકાતા બોલ્યા

" ખુદા આપને સબર આપે પરંતુ ગાડીમાંથી મરહુમ ઉપર કોણે ગોળી કરી તે કાંઈ યાદ છે, અથવા આપનો કોઇ ઉપર શક છે ? "

" નહી મને લગારે શક નથી તેમજ મારો કોઇ દુશમન નથી કે જેના ઉપર શક લઇ જાઉં "

" કોઇના ઉપર પણ શક નથી ?"

‘ ના, કોઈ મારો દુશમન છેજ નહિ કેમકે હુ કોઇને મારો દુશમન સમજતોજ નથી ”

‘ તો શુ આપ મી અનવર બી એ ને ઓળખો છો ?”

“ હા, કેમ નહિ એને તો હુ સારી પેઠે જાણુ છુ ’

‘ આપ એના વિષે કેવા વિચાર ધરાવો છો ?”

બહુજ ઉચા ! તે એક બાહોશ અને લાયકીવાળો જુવાન છે ”

‘ આપના બેટાની સાથે એને કાંઈ ખટપટ જેવુ હતું ? ”

‘ નહિ એવુ કાંઈ હતુ નહિ ”

‘ તેની સાથે આપને કાંઈ સગાઈ છે ? ’

‘ ફોજદાર ! સાહેબ આવા સવાલો પુછવાનુ શુ કારણ ? ” વકીલકાકીને લગાર ટટાર થઇ અજબ થઇને પુછયુ

“ મારી એક ધારણા , અગર ખુદા કરશે તો ખુનીની બાતમી મળી જશે ” વિચાર કરતા ફોજદારે જવાબ આપ્યો

“ અનવરની સાથે પહેલા મારે કાંઇ સગાઈ નહોતી પણ હાલ પછી મારો વિચાર તેને મારી દીકરી આપવાનો છે ”

“ એમ કે ? સાઉ આપને મરહુમ સિવાય બીજો પણ પુત્ર છે ? ’

‘ ના તે એક જ હતો અને એક પુત્રી છે, ’

“ મરહુમે પોતાની બહેનના લગ્ન સબંધી અનવરથી કાંઇક અણગમો બતાવ્યો હતો કે ?”

“ હા, એ વિરોધ હતો ”

‘ ત્યારે મારી ધારણા ખરી પડી ખરી ”

કવી ધારણા ? મને તો આપના આ સવાલોમા કાંઇ સમજ પડતી નથી ”

"વાત એવી છે કે મરહુમના ખુનીનો પત્તો મેળવી લીધો !"

"કેવી રીતે? અને તે કોણ?"

"મી અનવર બી એ"

"શું અનવર ખુની?"

"જી હા"

"હું કદીએ ન માનું"

'આપને માનવુંજ પડશે'

"નહિ અનવર જેવો લાયક છોકરો આવું નીચ કૃત્ય કરેજ નહિ"

"જે વસ્તુ ચળકે છે તે કાંઈ સોનું હોતી નથી"

"પણ તમારી પાસ તેના ખુની હોવાના શા શા પુરાવા છે?"

"એક નહિ પણ અનેક"

"પણ ફોજદાર સાહેબ, માફ કરજો આપે ખુનીને શોધવામા ભુલ કરી છે અનવર જેવો કેળવાયલો અને બાહોશ માણસ ખુની હોયજ નહિ"

"નહિ તેજ ખુની છે અને તેને પકડવા માટે આ વારંટ લઈને જાઉં છું,"

"ખરેખર આતો અન્યાય થાય છે"

'નહિ અન્યાય થતો નથી તે ખુની છે. કેમકે હમણાજ બલદેવ પ્રસાદ નામના રેલવેના ગાર્ડે સ્ટેશન માસ્તરની મારફતે મારી ઉપર એક પીસ્તોલ મોકલી આપી છે જેના ઉપર સાફ શબ્દોમા અનવરનું નામ ખોદેલુ છે વળી જે ટ્રેનમા અનવર મુબઈથી આવ્યો તેજ ટ્રેનમાથી તે મળી આવેલી છે"

'શુ ખરેખર? અજબ થતા વહીદદુદીન પોકારી ઉઠયા

"જી હા ખરેખર?" ફોજદારે ખાતરી આપતા કહ્યુ

આ સાંભળી વહીદુદ્દીન બારે દિલગીર થયા બેટાની જુદાઈનો વા તાજોજ હતે તેમા તેના ખુની તરીકે એવા માણસનુ નામ લેવામા આવ્યુ કે જેને તેઓ હદથી વધારે ચાહી ઘર જમાઈ બનાવવાનો ઇરાદો કરી ગ્યા હતા જ્યારે ફોજદારે અનવરના ખુની હોવાની ખાતરી આપી ત્યારે તેઓ બે બાકલા બની રોવા લાગ્યા ફોજદારે તેમને દીલાસો દેતા પોતાની મતલબ કહી

"આપ અનવરને ઓળખતા નથી તે તો મુબઇનો એક પુરો બદમાશ છે મુબઈમા પણ તેણે શા કાળાધોળા કર્યા છે તેના પુરાવા તઇયાર થઇ ર્‌હ્યા છે માટે હવે આપને સાક્ષીમા આવવુ પડશે અને કોર્ટમા આવીને માત્ર એટલુજ કહેવુ પડશે કે મરહુમની સાથે અનવરની દુશમની હતી"

"ફોજદાર સાહેબ! અફસોસ જગતમા કોનો ભરમો કરવો જોઈએ એ તો ઠીક થયુ કે તમે ચેતવ્યો નહિ તો હુ મારી છોકરીને કુવામા નાખવા તઈયાર હતો, ખેર તમો કહેશો તો હુ કોર્ટમા શાહેદી આપીશ અને જે સાચી વાત હશે તે કહી દઇશ"

"ત્યારે હવે મને રજા છે"

"ભલે પધારો"

ફોજદાર સલામ કરીને સીધો જમીલુદ્દીન વકીલના બંગલે ગયો જ્યાથી ખબર મળી કે અનવર તો સ્ટેશન પાસેની હોટેલમા ઉતર્યો છે તેથી હોટેલ તરફ રવાના થયો

હોટેલમા અનવર અફસોસ અને દીલગીરીમા નિદ્રાવશ થયો એટલામા જમીલુદ્દીન વકીલ તેની ખબર લેવા આવ્યા અને અનવરને નિર્દોષપણે ઉંઘતો જોઇ તેઓ મનમા કહેવા લાગ્યા કે—"શુ

એક ખુની, એક બદમાશ, એક દુર્ગુણી માણસ આવી રીતે મીઠી ઉંઘ લઇ શકે છે? નહિ નહિ! અનવરના બેગુનાહ હોવા માટે તેની અત્યારની મીઠી ઉંઘ સાબેતી તથા તેના નિર્દોષપણા માટે ગવાહી આપી આપી રહી છે" હજુ તેઓ પોતાના મનમા અહિંજ સુધી વિચાર કરી શકયા હતા કે અનવર બેદાર થયો અને પોતાની રૂમમા પોતાના વડીલને આવેલા જોઇ તરતજ ઉઠીને નમન કરી ખુરશી ઉપર બેસી ગયો એટલે વકીલ સાહેબે પુછયુ

'શુ તુ પાક પરવરદિગારના કસમ ખાઇને કહે છે કે તે ખુન કર્યુ નથી?'

"હા! બેશક હુ મારા પેદા કરનારના કસમ ખાઇને કહુ છુ કે મે આ નીચ પગલુ ભર્યુ નથી"

આ સાભળતાજ વકીલ જમાલુદદીનના દીલ ઉપર બહુજ ઉંડી અસર થઇ અને તેથી તેઓએ છાતી ઠોકતા મધ્યમ અવાજે કહ્યુ

"બેટા! બસ મને તારા નિદોષપણાની ખાતરી થઇ ગઇ માટે તુ ગભરાતો ના, જો કે તારા વિરૂધમા બહુજ મજબુત પુરાવાઓ ઉભા કરવામા આવ્યા છે, છતા બેટા હુ તને નિર્દોષ સાબેત કરવામા જીવ તોડ કોશીશ કરી તને નિર્દોષ સાબિત કરી માનની સાથે આરોપમાથી મુક્ત કરાવીશ"

આ વાતો થઇ રહી હતી એટલામા ફોજદાર પાચ સીપાઇઓને લઇને આના પહોચ્યો આ જોઇ અનવરના ચહેરાનો રંગ ઉડી ગયો, છાતી ધડકવા લાગી અને આખોમા ઝળઝળીઆ આવી ગયા ફોજદારે રૂમમા દાખલ થતાજ જમાલુદ્દીનને સલામ કરી એટલે સલામનો જવાબ આપતા જમાલુદદીન બોલ્યા

" પધારો ફોજદાર સાહેબ "

છ ' હાજર થયો ' નમવાના ડોળ કરતા ફોજદાર બોલ્યો.

' કેમ આવવુ થયુ ? ' ધડકતી છાતીએ જમીલુદ્દીને પુછયુ

' શુ કહુ અનવરને પીસ્તોલ બતાવીને "મી અનવર આ પીસ્તોલ તમારી છે કે ? '

" હા, મારી છ ' અનવરે હીમ્મતથી કહ્યુ

" ત્યારે આપ રેલવેના ડબ્બામા કેમ મુકીને ચાલ્યા આવ્યા ? ' ફોજદારે સવાલ કર્યો

' હુ મુકીને આવ્યા નથી પણ તે મારી પાસેથી ગુમ થઇ હતી ' અનવર પોતાનો બચાવ કરતા જવાબ આપ્યો

" એમ હશે ત્યારે ' અનવરના હાથમા વોરંટ આપતા જરા આ વાચવાની તસ્દી લેશો "

અનવર વોરંટ હાથમા લઇ વાચવા માડયુ પણ જ્યારે તે પોતાનાજ માટે છે એમ જોયુ ત્યાર તેના હાથ ઢીલા પડી ગયા હાથ પગમા કંપારી છુટી અને તેનીજ હાલતમા તેણે ગરીબાઇ અને ઓશીયાળાપણાથી જમીલુદ્દીનના ચહેરા સામુ જોયુ. જમીલુદ્દીને તરતજ ઉઠીને અનવરને ગળે લગાવ્યા, અને વોરંટ જોઇ ધીરજ આપતા બોલ્યા "બેટા તુ લગારે ગભરા નહિ તને બેગુનાહ સાબીત કરવા માટે હુ આકાશ અને પાતાળ એક કરી દઇશ, બેટા મને પુર્ણ ખાત્રી છે કે તુ બેગુનાહ છે, મારા મીત્રનો દીકરો કોઈ કાળે ખુની હોયજ નહી માટે લગારે ન ગભરાના માથે આવી પડેલી વીપતીને ધીરજની સાથે ઉઠાવી લઇ સરકારી વોરંટને માન આપી ફોજદાર સાહેબની સાથે જા, હુ તારા બચાવની

ફાંસીશમા જાઉં છું આવા હિમ્મતભર્યા વેણ સાંભળી રડતા રડતા અનવર બોલ્યો

' આપનો મને પુરો ભરૂસો છે તેથી હુ જાઉં છું જુઓ કાકા મારૂ આ જગતમા આપના સિવાય બીજુ કોઇ નથી"

" બેટા ! ખુદા માલીક છે, તેજ તને બચાવશે તારી બેગુનાહી તારી વારે ચડશે અને હુ તો આજથી આજ કામ પાછળ તન મન અને ધનના ભોગે પડુ છું ખુદા મદદ કરશે " આટલુ બોલતા બોલતા જમીલુદ્દીન પણ રડી પડયા તો પણ આંસુઓને તરતજ લોહી નાખી ફોજદારને કહયુ

" ફોજદાર સાહેબ ! આપ આપનુ કામ કરો

આ સાંભળી ફોજદારે સીપાઇની પાસેથી હાથકડી લઇ અનવરને પહેરાવી દીધી ને બાદ વકીલ સાહેબે ફોજદારને પાસેની રૂમમા બોલાવી ના રૂપીઆની નોટ આપતા કહયુ

આ આપની પાનસોપારી છે '

' હે હે એની શી જરૂર છે ! " નોટને ગજવામા મુકતા ફોજદાર બોલ્યા,

' જો કે આ રકમ આપના લાયક નથી છતા જે દીવસ આ કેસમા ફતેહ મળશે તે દીવસ આપને રાજી કરવામા હુ કસર નાહ રાખુ માટે આપ મહેરબાનીની રાહે મારા બેટાને આરામમા રાખજો જુઓ આ લાડમા ઉછરેલો છે આપની એક મહેરબાનીની નજરથી એને આરામ મળશે ' ફોજદારને વીનવતા વકીલ સાહેબ ગદગદિત કંઠે બોલ્યા

" આપ ગભરાઓ નહિ, અનવરમીયા તો મારા ભાઇની પેઠે છે માત્ર આ હાથકડીઓ તો કાયદાને માન આપવા ખાતરજ પહેરાવી છે " દીલાસો દેતા ફોજદાર બોલ્યો

" મને આપથી એવીજ આશા છે " બહાર આવીને (અનવરને) " બેટા આમ આવ "

અનવરને જમીલુદ્દીને બાથમા લઇ તેની પેનાની ઉપર ચુંબન કર્યું અને હીમત આપતા કહ્યુ

" બેટા ગભરાતો નહી ફોજદાર સાહેબ આપણાજ માણસ છે "

" મને ભુલી ન જતા " રડતા રડતા અનવર આ શબ્દો બોલતા ફોજદારની સાથે હોટેલની બહાર ગયો

પ્રકરણ આઠમું

સવારના અગીયાર વાગે ડીટેકટીવ બહાદુરખાન પોતાના બંગલામાં બેસી એક અંગરેજી વર્તમાન પત્ર વાંચી રહયા છે, એટલામાં નોકર આવીને વરધી આપી –

"સાહેબ ! એક ગ્રહસ્થ આપને મળવા માગે છે"

'કોણ છે ?'

"પ્રથમ કોઈ દીવસે આવેલો નથી"

"મુસલમાન છે કે હીંદુ ?"

"મુસલમાન"

"નામ શું છે ?"

"જમીલુદ્દીન વકીલ"

'ઠીક પાસેના રૂમમાં બેસાડ"

નોકરે બહાર જઈ જમીલુદ્દીનને બંગલામાં લાવી ડ્રોઈંગ રૂમમાં બેસાડયા. થોડી વાર થઈ હશે કે બહાદુરખાને અંદર આવી સલામ કરી એક ખુરશી ઉપર પોતાની બેઠક લેતા કહયું –

"કેમ પધારવું થયું ?"

"એક નિર્દોષ ખુનના આરોપમાં પકડાયો છે તેના બચાવ માટે આપની મદદ લેવા આવ્યો છું"

"હું નિર્દોષની મદદ માટે હરવખત તઈયાર છું"

"ત્યારે મારા મીત્રની નીશાની એટલે મારા મરહુમ મીત્રનો પુત્ર અનવર કે જે છેલીજ બી. એ. ની પરિક્ષામાં પાસ થયો છે તે ખુનના તહોમતમાં સપડાયો છે. તેની સામે પુરાવાઓ બહુજ મજબુત છે પરંતુ હું ખાત્રી સાથે જણાવું છું કે તે આ કેસમાં નિર્દોષ છે"

‘ મી અનવર બા એ ! (લગાર વીચાર કરીને)" "હા હમણા થોડાક દીવસ ઉપર મે પેપરમા નામ જોયુ હતુ શુ તેજ બીચારો સપડાયો છે ? અફસોસ પણ તમે ખાત્રીથી કહો છો કે તે નિર્દોષ છે ? ’

"જી હા, મને પુરેપુરી ખાત્રી છે"

‘ વકીલ સાહેબ ! આપના જણાવવા પહેલા મને આ કેસની માતમી મલી ચુકી છે અને હુ તેની તપાસમાજ છુ

‘ ખુદા આપને મદદ કરે " જમીલુદ્દીને આકાશ બાજુ હાથ ઉંચાવતા કહ્યુ

‘ મને આ કેસની પુરેપુરી માહેતી મળી ચુકી છ ’

‘ ફરી આપનો શો મત છે ?"

‘ હુ હાલ કાંઈ કહી શકતો નથી "

" પણ હુ તેના બચાવની થોડી ઘણી ઉમેદ રાખુ કે
તે કાઇ કરી શકાય નહી "

‘ મને અનવરની બહુજ ચીંતા થાય છે ’

" ચિંતા જેવોજ મામલો છે ? ’

‘ સર્વે જણ અનવરની વિરૂદ્ધ મત આપે છ, અને આખરમા પુરા નહીરુદ્દીન પણ અનવરની વિરૂદ્ધ થઇ ગયા છે "

" તેઓ શુ કહે છે ? ’

‘ કહે છે કે અનવરેજ ખુન કર્યુ છે
તેઓ બીચારા તો જે કાઇ બક છે તેજ કહે છે ’

‘ એટલે ?

" એટલે શુ, બેટાના મરણથી તેઓ અર્ધ ગાંડા જેવા તો થઇ ગયા છે અને વળી પુરાવા એવા આનાને ઉભા છે કે અજાણ્યો માણસ પણ ખુની તરીકે અનવરનેજ લેખે "

' તો શુ મારે અનવરના બચાવની આશા રાખવી જોઇએ '

' કેમ નહિ, આશા તો રાખવીજ જોઇએ "

" તો ઠીક ત્યારે માફ કરજો અત્યારે તો રજા લઉ છુ, પણ ફરી આપને (હાથ જોડીને) વિનતી કરૂ છુ કે આપ અનવરના બચાવની કોશીશ કરી એક બે ગુનાહને બચાવવા મહેનત કરજો '

" વકીલ સાહેબ ! નચિંત રહો, મને અનવર સાથે કુદરતી હમદર્દી થઇ ગઇ છે, તેથી તેનો બચાવ થયે મને અનહદ આનદ ઉપજશે "

' ખુદા આપને મદદ કરે ' આટલુ કહી જમીલુદ્દીન બગલાને છોડી ગયા હજુ પાચ મીનીટ પુરી પણ નહિ થઇ હોય કે નાકરે મોહમ્મદ શરીફના આવવાની ખબર આપી એટલે તેમને પણ તેજ રૂમમા બોલાવ્યા, મોહમ્મદ શરીફ રૂમમા દાખલ થઈ સલામ કરી ખુરશી ઉપર પોતાની બેઠક લીધી એટલે બહાદુરખાન બોલ્યા

કેમ, હવે પેલો ઓળો તમારી પાછળ ફરે છે કે ? '

' ના સાહેબ આપની મદદ વાનીથી મે તે દીવસ પછી તેને જોયો નથી '

" આ છબી કોની છે ? તમે આને ઓળખો છો ?" એક છબી બતાવતા બહાદુર ખાને પુછ્યુ

' હા ! આ છબી તો મારા દત્તક એહમદની છે આપની પાસે કયાથી આવી ? અજબ થવાની સાથે મોહમ્મદ શરીફ પોકારી ઉઠ્યો

" એ હુ પછી કહીશ હાલ તરત તમે જાઓ, ઇનશાઅલ્લાહ થોડા દીવસમા ખુશખબરી સભળાવીશ કે તે ઓળો તમારો નાસ એહમદજ હતો"

આ સાભળી અજબ થતા મોહમદ શરીફ બહાદુરખાનનો બગલો છોડીને વીરવા તરફ ગયા

પ્રકરણ નવમું

રાતના નવ વાગે મુંબઇ મેલ અમદાવાદના સ્ટેશન ઉપરથી ઉપડી ચુક્યો છે પોર્ટરો, ગેસના ફાનસ હોલવી ગયા છે ટીકીટ કલેક્ટરો ઝાંપો બંધ કરી પોતાની ઓફીસમા જઇ બેઠા છે પાન બીડી અને મેવો વેચનારાઓ પોત પોતાના ઘરે વિદાય થવાની તઇયારીમા છે એટલામા એક મીઠાઈ વેચનાર મીઠાઇનો ખુમચો લઇને ઝાંપાની બહાર બેસી પોતાની મીઠાઇના રાગડા તાણી રહ્યો છે તેના લુગડા તથા ડોળ ડાળ ઉપરથી જણાય છે કે તે અમદાવાદનો વાસી છે, તે કાઇની પણ ન સાંભળતા પોતાની મીઠાઇના બાકા ફુકા મારતો વચી રહ્યો છે એટલામા બલદેવપ્રસાદ ગાર્ડ પોતાની ડયુટી પુરી કરી ઝાંપામાથી નીકળી ઘર તરફ જાય છે એ જોઇ ઘાંચીએ તેમને પોતાની પાસે બોલાવતા મીઠાઇના રાગડા તાણતા કહ્યું

"આ આ આ આ વો ગ. યા ર્ડ સા હ બ
મી ઠા ઈ ના. આ. આ જ છે કે "

આ સાંભળી બલદેવ પ્રસાદ તેના ખુમચાની પાસે ઉભા રહી ગયા અને ખુમચામા કઇ કઇ મીઠાઇઓ છે તે જોતા બોલ્યો

'કેમ લ્યા કઇ કઇ મીઠાઇઓ છે'

'આવો મહેરબાન, સુતરફેણી છે, બદામનો હલવો છે, સુરતની ઘારી છે, માવાના પેંડા છે, ઘીની પુરીઓ છે, ઘીના ગાંઠીઆ છે ને જલેબીઓ છે, લઇ જાઓ માના સાહેબ કેટલી જોખું ?'

'આ બધી પણ બધી મીઠાઇઓ તાજી છે કે વાસી ?"

"ચાખીને જુઓ"

" પણ અત્યારે તો પઇસા નથી કાલ- લઇ જઇશ '

નાહરે માગ સાહેબ! પઇસાની શી અધીરી પડી છે આજે નહિ તે કાલે આપજો "

' કાલ નહિ હુ તો પગાર ઉપર આપીશ "

' અરે પગાર ઉપર શુ આપની મરજી પડે ત્યારે આપજો ન ? આપના જેવા સરદારના પઇસા ક્યા જવાના છે "

' ત્યારે એક રૂપીઆની બરફી જોખ "

બસ એક રૂપીઆની "

' ફરી બીજી વખતે જોઇશુ "

" પણ આ સુતરફેણી બહુ મઝેની છે હો આપના જેવા ઉમરાવાના ટેસને લાયક છે "

" આપ, ત્યારે એ પણ આ આનાની '

અને આ માવાના પેંડા તો જુઓ હમણાજ બનાવી ચાખો આવુ છુ '

" ના અત્યારે નહિ ફરી જોઇશુ "

" અરે લઇ જાઓને સાહેબ, ફકત નમુનાના માટે લઈ જાઓ મારે તમારી પાસે પૈસા નથી લેવા "

આટલુ કહી સઘળી મીઠાઇઓ શેર શેર બાધી આપી અને ને પછી ખુમચો માથા ઉપર મેલતા બળદેવપ્રસાદના કાનમા કહ્યુ

" મારે આપથી કાઈ વાત કરવી હતી ? "

' શુ ? "

" આપ રેલવે ડ્યાટ છોને ? '

" હા કેમ ? '

' મારૂ એક કામ નહિ કરો '

" શુ છે ? "

' મારી પાસે આજ કાલ જરા રૂપીઆની બહુજ છુટ રહે છે. તેથી કોઇ રેલવેના નોકરને ધીરાની વ્યાજ પકની આપો તો મોરી મહેરબાની થાય "

આ સાભળી બળદેવપ્રસાદના ચહેરા ઉપર એક ખુશાલીનો પ્રકાશ ચનક્યા તે સાથેજ તેણે ધાચીને પુછ્યુ

વ્યાજ શુ લઇશ ''

' જે અપાવો તે ' "

' હુ તો દમ આના લેખ અપાવીશ

" ધરેણા પર ને '

' ના આગ ઉપર

" આગ ઉપર તો રૂપીઓ એક અપાવો

ના રૂપીઓ નહિ પણ બાર આના અપાવીશ

પણ રૂપીઆ કોના માટે જોઇએ

' તારે શુ ? ગમે તેને જોઇતા હોય, તારે તો મારી પાસથી ખાતુ પડાવી લેવુ '

' ઠીક ત્યારે ચિતા નહિ પણ રૂપીઆ કેટલા જોઇશે?

" હાલ તરત તો સગ્મા '

' તો હમણા મારી પાસે એકસો રૂપીઆની નોટ છે તે લેતા જાઓ "

" ત્યારે એક આન ની ટીકીટ મગાવી લે હુ અત્યારેજ ચીઠી લખી આપુ"

"વાહ ! આપના જેવા ઉમરાવ પાસેથી ટીકીટ ઉપર ચીઠ્ઠી લખાવવાની શી જરૂર છે ફક્ત એક સાદા કાગળ ઉપર ચીઠ્ઠી લખી આપો '

' નહિ જેવી રીતે ખાતુ પડાવવાનો ધારા હોય તેવી રીતે પડાવી લે "

"હવે રહેવા દો સાહેબ ! આતો એકમા રૂપરડી છે હજાર રૂપીઆ હોય તોએ શુ ? આપના જેવા સરદારના માટે તો જાન હાજર છે જાન ! '

બલદેવપ્રસાદ ધાચીની આવી વાતો સાભળી મનમા ફુલાવા લાગ્યો અને ખુશી થઇને મનમા કહેતો કે –' વાહ સારો બીડલુ હાથ લાગ્યો છે હવે રૂપીઆની છુટ સારી પેઠે રહેશે અને તેથી મન ગમતી મોજ ઉડાવીશ

ધાચીએ જેવી રીતે કહ્યુ તેવી રીતે બલદેવપ્રસાદે ચીઠ્ઠી લખી આપી અને સો રૂપીઆની નોટ તેજ વખતે લઇને ખીસામા મુકી તે બાદ ધાચીએ પુછ્યુ

' આપનુ ઘર ક્યા છે ? '

' કાલુપુર દરવાજાની પાસે વોહરાની મોટી ચાલીના બાજુ માળે '

"ઠીક પણ સાહેબ ખોટુ તો નહી મનો ?

"નહિ ! નહિ !"

" એક વાત પુછુ '

" ખુશીથી "

" આપ કેવા છો ? "

" કન્નોજ્યા બ્રાહ્મણ "

· ઓહો ત્યારે તો અમાના ગોર થાવ ”

“ હા ' કમ નહિ પણ તુ શુ પુછતો હતો ' '

“ કઇ નહિ, હવે નહિ '

' કેમ ? ”

' એમજ આપ બ્રાહમણ છો ને ? '

' તેમા શુ થયુ તારે જે પુછવુ હોય તે પુછને '

તો શુ આપને કાંઈ ખાવા પીવાનો શોખ ખરો કે ?”

' કેમ નહિ વળી રેલવે સનવટ થઇને ખાવાપીવાનો શોખ ન હોય કે ? ”

“ તો કદી મને એકાદ દીવસ બોલાવાન '

' કોણ ના કહે છે, આજેજ આવ, આપણે ત્યા તો રોજ નીવાતી છે '

' ઘણુ સારુ પણ કાલે ગણા તો ઠીક

જેવી તારી મરજી પણ યાદ મારો પગાનતો થયો નથી અને આ રૂપીઆ તો મે એક મીત્ર માટે લીધા છે પણ કાલના ખાના પીવાના પઇસા તુ આપ પગાર ઉપર તને આપી દઇશ '

' અરે આ શુ બોલો છો પઇસા તો હાથનો મેલ છે ”

“ ત્યારે લાવ દસ રૂપીઆ પીવાના અને પાચ રૂપીઆ ખાવાના ”

લ્યો આ પદર રૂપીઆ, શુ આપને ખાવાનો પણ શોખ છે ? ' કડમાથી રૂપીઆ કાઢીને આપતા ધાચીએ પુછયુ

' બહુજ, એકાદ દીવસ ન મળે તો ચેન ન પડે ચેન ”

“ એમકે ? હાય ! ખાવાની વાત સાભળી મને મારો પારસી દોસ્ત કેકુ યાદ આવી ગયો ”

' કયો કેકુ ? '

" રુસ્તમ તાડીવાલાનો છોકરો, બીચારો મારો એવા જીગ્જાન દોસ્ત હતો કે અમે બને જણા સાથેજ ફરતા ફરતા હતા ચોથે પાચમે તે બદુક લાવતો અને અમે બને જણા શીકારે જતા, તે બીચારો શીકાર કરતો અને શીકારને જગલમાજ ખાતા, હાય તે બીચારો જુવાનીમાજ મરી ગયો ગયાટ સાહેબ શુ તમને પણ શીકારનો શોખ છે કે ? "

' વાહ ! કેમ નહિ એવી સરસ બદુક લગાવુ છુ કે કાઇ કહેવાની વાત ન હ, હમણા ચાર પાચ દીવસ ઉપર ચાલતી ત્રેનમા

આટલુ બોલતાજ બલદેવપ્રસાદને ધ્યાન આવતા બીજી વાત ચાલી ગયો એટલે ઘાચીએ અજગ થતા તેજ વાત પકડી રાખતા પુછ્યુ

' શુ ચાલતી ત્રેનમા ? "

" કાઈ નહિ કાઇ નહિ '

" જોયુ તમારા દીલમા કપટ છે હમણાજ કાઇ કહેતા હતા ને હવે કહો છો કે નહિ ઠીક સાહેબ ઠીક, જેવી આપની મરજી, પણ મારી વાત યાદ રાખજે કે હુ પઈસા ટકાનો ભુખ્યો નથી હુ તો માત્ર દોસ્તીનો ભુખ્યો છુ જ્યારે કેકુ મરી ગયો ત્યારે તેની પાસ લગભગ બે હજાર રૂપીઆ નીકળતા હતા, પણ મે તે રૂપીઆનુ નામ ન લેતા ખાતુ ફાડી વાળ્યુ જો આપને મારો ભરૂસા ન આવતો હોય તો ઘેર આવીને ખાતુ જોઈ લ્યો માટે સાહેબ ! હુ તો એવો માણસ છુ કે પ્રભુ ન કરે ને કોઇ દીવસે તમે ખુન કરીને પણ આવ્યા હોવ તો તેને

ઉઘાડો ન પાડતા પોતાના જીવના જોખમે તેને છુપાવી હજારો રૂપીઆ ખરચી નાખતા વાર લગાડુ નહિ, હા, આપ હજી મને પુરેપુરો ઓળખતા નથી ”

આ લાબી વાત સાભળી બલદેવપ્રસાદને લગાર ભડકમા આવ્યા તો પણ અસલ વાત ઉડાવતા બોલ્યો

‘ જોને ! હુ તો એમ કહેતો હતો કે બદુક તાકવામા મારો હાથ એટલો બધો બેસી ગયો છે કે જો કદાચ ચાલતી ગાડીમાથી નેમ લઇ ને ગોલી મારૂ તો તે કોઇ કાળે પણ ખાલી ન જાય”

“ હશે હવે એ વાત જવાદો હુ કાલે બરોબર સાત વાગે આપના ઘેર આવીશ ”

“ હા ! બરોબર ટાઇમિસર આવજે ’

‘ જરૂર આવીશ, આપ બધી તઇયારી કરી નાખજો ”

“ કહેવુ નહિ પડે ”

જો કદાચ ખુટે કરે તો એક બે રૂપીઆ વધારે લઇ જાઓ

“ વાત ત્યારે બે રૂપીઆ આપ વર વટનો હીસાબ થઈ રહેશે’

વાચીએ બે રૂપીઆ આપ્યા જે લઇને મનમા મલકાતા મલકાતા બલદેવપ્રસાદ જમશેદજીના પીઠામા પેઠા અને વાચી પોતાનો ખુમચો માથે ઉપાડી પાચકુવા તરફ ગયો

પ્રકરણ દસમું.

સાંજના પાંચ વાગ્યાના શુમારે વહીદુદીનના બંગલાની અગાસી ઉપર તેમની દીકરી જમીલા હાથમાં ચોપડી લઇને વાંચી રહી છે અને તેની પાસે તેની આયા ઉભી છે જમીલાની વય આશરે પંદરેક વરસની હશે તેનો ચેહેરો ગુલાબના ફુલ સમાન ખીલેલો હતો, પણ પોતાના એકના એક ભાઇના અકાળ મૃત્યુથી તે અત્યારે દીલગીર જણાતી હતી તેણીના રૂપમાં જો કે દીલગીરીથી કાંઈ વધુ ફેરફાર થયો ન હતો તો પણ કુંદનની પેઠે ચળકતા ચેહેરા ઉપર દીલગીરીની છાપ સાફ જાહેર દેખાતી હતી જમીલાની પાસે ઉભેલી આયા તેની ખાસ ભરૂસેદાર અને બહુજ જુની હતી, અગાસીમાં આવ્યા ને બહુ વાર થઇ જવાથી તથા અંધારૂં થતું હોવાથી આયાએ જમીલાને નીચે ચાલવા માટે કહ્યું

' દીકરી ! સાંજ પડવા આવી માટે ચોપડી બંધ કરીને હવે ચાલો "

" આયા ! મને ભાઇના ગુજરવાથી લગાર ગોઠતું નથી અને જાણે દુન્યાની સઘળી વસ્તુઓથી મન ન ભરાઇ ગયું હોય તેમ લાગે છે " જમીલાએ નિશ્વાસ નાખતાં કહ્યું

" બેટા સુરજ આથમતી વખતે આવી વાત ન કરો તમોએ દુન્યામાં આવીને હજુ જોયું શું છે ? " દીનામો દેતા આયા બોલી

" હજારો દુઃખ અને લાખો વીપતીઓ જોઇ '

' બેટા તમારા દુશમનો જુએ, "

" દુશમનો શું કરવા જુએ ? જુઓને ભાઇના ગુજરવાનું દુઃખ કાંઇ ઓછું છે ? '

'દુખ તો ઘણુએ છે, પણ કરવું શું ? મોતની આગળ લાચારી છે, ભલભલા મોતથી બચ્યા નથી તો આપણીતો વિસાત્તજ શી ? '

" હાય મને તો જ્યારે ભાઇનો ચેહરો યાદ આવે છે ત્યારે કાળજે કાપ થઈ જાય છે અને એજ વિચાર આવે છે કે શું આ દહાડા ભાઇના મરવાના હતા ? '

' ખરૂ છે બેટા એમ થાય તેહએ પણ મોત આગળ લાચારી છે '

' હા બેટા દુન્યામા કોઇ સુખી નથી હા ' તે લોકો સુખી છે કે જેઓ આ ફાની જહાનની મોહક વસ્તુઓનો ત્યાગ કરી જંગલમા વસે છે "

ખરેખર દુનિયામા ખરા સુખી તો તેજ છે પણ આપણે બધા તો પુરેપુરા દુખી અને જંજાળી છીએ જુઓ તમોએ પેલી વાત સાભળી કે '

' કઇ ! "

' ભાઇના ખુની તરીકે પેલા બીચારા અનવરમીયાને પકડયા છે '

" હાય ! હાય ! એઓ બીચારાએ શુ કર્યુ છે તે "

" કહે છે કે એણેજ ખુન કર્યુ છે "

" જુઠ ! તદન જુઠ તેઓ એવા નથી '

' ખુદા ખુદા કરો બેટા ! જે બીચારા તુ કહીને કોઈને ન બોલાવે તે ખુન તો શુ કરે "

" હા મને પણ એજ વીચાર આવે છે,

" ખુદા કરેને તેઓ બેગુનાહ બનીને છુટે "

" આમીન આમીન " જમીલાએ ઝીણી હાય ખેંચતા કહ્યુ

" બેટા ! જેવા તમે અપસરા સમાન છો તેવાજ તે પણ છે તમારા બન્નેની જોડી તો એવી સરસ છે કે આખી દુન્યામા શોધ કરવાથીએ ન મળે જ્યારે તમારી સાથે વિવાહ કરવાની વાત આવી ત્યારે હુજ શમસુદ્દીન ફોટોગ્રાફરને ત્યાથી એમની છબી લાવી હતી અને તમારી ચોપડીમા મુકી ગઇ હતી "

" એમ કે ? હવે ખબર પડી ત્યારે ! એ કામ તમારૂજ છે પણ બીચારા છુટતા સારુ " અફસોસથી આસુ પાડતા જમીલા નીચી નજરે બોલી

" હુ તો રાતદીવસમા એજ દુઆ માગીરહુ કે ઓ મારા ખુદા ! તુ તેમને બે ગુનાહ બનાવાને છોડી મુક અને તેઓ મારી જમીલા બીબીની સાથે લગ્ન કરી અમનચમનમા જીદગી ગુજારે "

" ચાલો મારા, હમણા બીચારો આફતોમાથી તો છુટે " જમીલા ઝણુકા કરતા બોલી

' જરૂર છુટશે '

' મે એવુ પણ સાભળ્યુ હતુ કે તેઓ વ્યાભચારી અને રખડેલ માણસ હોવાથી મરહુમ બાદશાહે વીવાહથી પોતાની નારાજી જાહેર કરી હતી '

" હા ખરી વાત છે મરહુમ તો બીચારા ન ગાળો દેતા હતા પણ નહિ અનવરમાય એવા છેજ નહિ બીચારા ભોળા અને કેવા ગરીબ ગાય જેવા છે મને તો જ્યારે તેઓ રસ્તામા મળી જતા ત્યારે હુ તો તેમનો ચહેરોજ જોઇને ગાડી થઇ જતી

' એમ કે ? '

" પણ બેટા આજ કાલ તો તમારા અમ્મા પણ બહુ ખીજવાયલા છે અને તેઓ તો એમજ કહે છે કે આ લુચ્ચાએજ મારા દીકરાનુ ખુન કર્યું છે "

" કેવુ જુઠુ તહોમત "

" જુઠુ તહોમત નહી તો બીજુ શુ ? પણ સબુર કરો સબુરીના ફળ મીઠા છે "

આ વાતો થઇ રહી હતી એટલામા આયાને નીચે બોલાવવાથી તે નીચે ગઇ એટલે જમીલાએ પોતાના મનમા વીચારો બાંધવા માંડયા વડીમા તે ચોપડામાથી અનવરની ખુબી કાઢી તેને ગુનેહગાર લેખી ફેરવી દેતી અને વડીમા એ ગુનાહ સમજી પોતાની છાતી સરસા ચાપતી તે અનવર ઉપર દીવો જાનથી ફીદા હતી અને પોતાનુ લગ્ન તેનાથીજ થાય તેમા રાજી હતી જમીલાના મનમા અનવર તરફે સારો વિચાર બંધાયો હતો અને તે તેને નિર્દોષ જોવા માટે ખુદાની દરગાહમા દુઆઓ ગુજારતી હતી એમ કરતા અવાજ થઇ જવાથી તે નીચે ઉતરી ગઇ

પ્રકરણ અગીયારમું

ગતના સાત વાગી જવાથી બલદેવ પ્રસાદ પોતાના રૂમમા રૂમમા ગરમ ખાણુ અને દારૂની બાટલીઓ જોઇ પાણી પાણી થઇ રહયો હતો અને હજુ સુધી ઘાચી કેમ ન આવ્યો તે માટે મનમા તેને લાખો બદદુઆ આપી રહયો હતો એમ કરતા કરતા આઠ વાગ્યા તો પણ ઘાચી આવ્યો નહિ, તેથી છેવટે તેણે બાટલી ઉઘાડી અને ગલાસમા દારૂ કાઢી મોઢે લગાવી ગટગટ કરીને ઉડાવી ગયો અને ગરમા ગરમ ખાણા ઉપર સારી પેઠે હાથ સાફ કર્યો જોતા જોતામા આખી બાટલી હજમ કરી નાખી તે નીશામા ચકચુર બનીને બાઇ રહયો હતો એટલામા ઘાચી આવ્યો અને બલદેવ પ્રસાદને ખાણ ઉડાવતા જોઇ બોલ્યો

વાહ ગયાટ સાહેબ એકલા એકલા મઝા ઉડાવી કે"

' તુતુતુમ કાયકુ મોડા આયા વેલ ?" નીશામા બલદેવ પ્રસાદ પોકાર્યો

' હુ લગાર નીદ થઇ ગયો હતો '

"ત્યારે દુસરા મગાયગા '

ના હમણા કાઇ જરૂર નથી હુ હમણાજ લઇને ચાલ્યો આવુ છુ"

"વેલ પરવા નહિ, દેખો હમ તમકુ અચ્છા દોસ્ત જાનતા હે, હમ તુમકુ બોહોત નોમલ મેન સમજતા હે યુ માઇ ડીયર ફ્રેન્ડ !"

"પણ સાહેબ હુ તો આપનો તાબેદાર છુ,"

"વેલ હમ નીશેમે નહિ હય '

" નારે સાહેબ આપને કોણ કહે કે દારૂ પીવેનો છે પણ અત્યારે મને મારો દોસ્ત કેકુ બહુજ યાદ આવે છે ? "

" ઓ યુ ઢેમ ? તુમ કેકુકા નામ મત ના, હમ તુમારા જાની દોસ્ત હે "

" પણ મને તમારો ભરૂસા નથી આવતો દુન્યામા સાચા દોસ્તો મલવા બહુજ મુશ્કેલ છે "

" લેકીન હમ જુદા દોસ્ત નહિ હય હમ બિલકુલ જાન દેનેવાલા સાચા દોસ્ત હય '

' ત્યારે સાચો દોસ્ત પોતાના મીત્રથી મનની વાત છુપાતો નથી '

' બેશક હુ કયા ના કહુ છુ, પણ વેલ બાચી મહાજન ! હુ ખરૂ કહુ છુ કે મે મારા એક દોસ્તની ખાતર એક બે ગુનાહનુ ખુન કરી નાખ્યુ અને તે દોસ્ત મને મુકીને નાણ જાણે કયા ગેબ થઈ ગયો, "

ગયાટ સાહેબ નુ નીશો વધારે થઈ ગયા છે કે આવી પાયા વગરની વાતો કરી રહ્યા છો " ઘાચીએ વધારે જાણવા માટે બાજી રચતા કહ્યું,

ઓ યુ ઢેમ બુઝ્વર હમ નીશેમે નહિ બોલતા હુ ખરૂ કહુ છુ કે મારા દોસ્ત એહમદની ખાતર મે એક માણસને વગર લેવે દેવ મારી નાખ્યા "

" કયો એહમદ ?"

" વેલ તુમ બહોત બગબ આદમી હય, અરે મેન એહમદે એક મોહમ્મદ શરીફ નામના માણસને મારી નાખવા કહ્યું હતુ એક દીવસ ભોગજોગે મોહમદ શરીફ ગ્લ્વેના ઝાપા આગળ આવી ઉભો

હતો મે લાગ જોઈને રીવોલવરની ગોળી છોડી પણ અફસોસ મોહમ્મદ રફીક બચી ગયો અને તેના બદલામા એક જુવાન છોકરો ગોળીનો ભોગ થઈ પડયો ”

“ શુ કરવા નકામી વાતો કરી મારી મશકરી કરો છો વળી ગાડીમા તમારી પાસે રીવોલવર કયાથી આવી કહો જોઇએ ! ” હસતા હસતા ધાચીએ જરા કુનેહથી પુછયુ

“ ઓ યુ રાસકલ ! અમારી પાસે તે વખતે રીવોલવર આવી ગઇ ’

“ પણ કયાથી ”

“ એક સેકન્ડ કલાસના મુસાફરની સુરત ઉપરથી ચોરી લીધી ’

“ વાહ, તમે તો ગયાટ સાહેબ જુઠ બોલવામા કસર રાખતાજ નથી હો ?

“ કેમ ત્યા ! ”

“ ત્યારે શુ નહિ તો, તમે તે મુસાફરની રીવોલવર લીધી અને તેને ખબર ન પડી કેમ ! જાવરે મારા સાહેબ મારા જેવા ભોળા માણસને તે શુ કરવાને બનાવો છો ’

“ અરે બેવકુફ ! તે માણસ સુઇ ગયા હતો, પણ જો તે કદાચ જાગતો હોત તો એ શી પરવા હતી ? હુ માણસની આખમાથી જોતજોતામા કાજલ કાઢી લઉં તો કરી રીવોલવર લઈ લેવી તેમા તે વળી શુ ?

“ ગયાટ સાહેબ ભલે તમે કહો પણ મને તો ખાત્રી થતી નથી ? ”

‘ ખેર તારા જેવા ગધેડાને ખાત્રી ન થાય તો ન થાય પણ હુ તો સાચુ કહુ છુ ”

“ પણ જો તમે સાચુજ કહેતા હો તો કહો જોઇએ કે તે ડબામા બીજો કોઈ નહોતો ? ”

'ના એક યુરોપીયન હતો પણ તે પહેલાથી ?નો હતો એટલે કાંઈ પણ હરકત આવી નહિ અને જો કદાચ જાગતો હોત તોએ શુ ? અમે તો મોટા મોટા પારસલોને પસાર કરી દઇએ તો આ બીચારી રીવોલવરની તે શી હસ્તી ?"

"બેશક આ કાંઇ નાની સુની વાત નથી

" પણ યાર પેલા એહમદે તો બહુજ મોટો દગો કર્યો "

" કેવી રીતે ? "

" આ કામના બે હજાર ઠરાવ્યા હતા તેમાથી એક હજાર આપ્યા અને ફરી એક પાઈ પણ આપી નહિ "

' તમ તેનુ કામ ન કર્યુ તો નાના આપ '

" એમા મારો ગો નાક મે તો તેના બતાવેલા માણસને ગોળી મારી પણ બનવા કાળ બીજાને લાગી તેમા હુ શુ કરુ ? "

" ત્યારે હાલમા એહમદ કયા છે '

" કોણ જાણે કયા નાસી ગયો '

' એવા મીત્રને ધીક્કાર છે '

"ધીક્કાર છે ખરેખર દુન્યામા કોઇ કાઈનો મીત્ર નથી અને વખત પડે તો દુશમન થઇ જતા વાર પણ લાગતી નથી '

" પણ ગયાટ સાહેબ ! હુ આપનો ખરો અને સાચો મીત્ર છુ તેથી મીત્રતાનો હક અદા કરવા માટે હુ એહમદને પકડી લાવવાની હામ ભરૂ છુ, '

' શુ કહે છે ? "

" સાચુ જ કહુ છુ "

" નહિ ? "

"નહિ શુ ? તમારા જેવા સ્નેહીના માટે એ બાપડા એહમદને પકડી પાડવો, તે શી વીસાતમા છે પણ "

"પણ શુ ?"

"હુ જે પુછુ તે સાચેસાચુ કહી દે તો હુ અબ ઘડી એના માટે જાઉ છુ "

'હા પુછ હુ સાચેસાચુ કહી દઈશ,'

"જે ગાડીમાથી તમે પીસ્તોલ ચોરી તેનો નબર ક્યા હતો?"

'એમા તો તે શુ પુછ્યુ ? એ નબર યાદ છે (યાદ કરીને) ૩૧૦

'ઠીક ત્યારે હવે હુ જાઉ છુ અને એહમદની શોધમા નીકળુ છુ "

"અરે જના દેન યાર ! નકામી વાતો શુ કરવા કરેછે ?"

"નકામી વાતો નથી હુ સાચેસાચુજ કહુ છુ '

'ચાલ ચાલ મશકરી જવા દે "

મશકરી નથી જ્યા સુધી એહમદને શોધી ન કહુ ત્યા સુધી આ મારો ચહેરો તમને ન બતાવુ "

"લે હવે રહેવા દે બહુ થયુ, લાવ જરા પેલી કબાટમાની બાટલી "

"નહિ, હવે રહેવા દો, હુ તો જાઉ છુ, જ્યા સુધી એહમદને નાહ પકડુ ત્યાસુધી મને ચેન પડનાર નથી "

"ત્યારે શુ ખરેખર તુ જઈશ ?"

"હા મીત્રતાનો હક અદા કરીશ "

“ અરે યાર, રહેવા દેને તારી ફીલસુફી મારે એહમદને નથી પકડવા

‘ ના એમ કાંઈ થાય, તમારા જેવા માત્રથી દગો કરે તેને હુ ચેનથી કેમ બેસવા દઉ ? હવે મારા મનમા મીત્રતાની હોળી સળગી છે એટલે હુ જમીન આસમાન એક કરીને પણ એહમદને શોધી કાઢીશ ”

અટલુ કહીને મીરાછવાળો ત્યાથી તરતજ ઉઠીને ચાલતો થયો, અને બલદેવપ્રસાદ આભો બની તેના ચહેરે જોતા જોતા દારૂની ઝુમમા બકબકાટ કરવા લાગ્યો

પ્રકરણ બારમું,

ગતના નવ વાગે અમદાવાદ શહેરની નાની ગાડીના સ્ટેસન ઉપર દીલ્હી ત્રેન ઉભી છે ત્યા એક નવ જવાન માણસ સેકન્ડ કલાસનો ડબ્બો રીઝર્વ કરાવી એક પોરટર પાસે સામાન મુકાવી રહ્યા છે પોરટરે સામાન બરોબર ગોઠવી દીધા બાદ તે જવાનને સલામ કરી એટલે તેણે પોરટરને આઠ આના આપી ડબાને લેબલ બાધવા કહ્યુ, તથા કુંજામા પાણી ભરીને મુકવા હુકમ કર્યો જે સાભળી પોરટર લેબલ બાધી કુંજામા પાણી ભરીને લાવ્યો અને નવ જુવાનને પોતાની સાથના સ્ત્રીને લેવા માટે બહાર ગએલો જોઇ બેઠકની નીચે સુઇ ગયો તે ગાડીમા પોતેજ સામાન મુકેલો હોવાથી સામાનની ગોઠવણ એવી કરી હતી કે ચાર દિવસની મુસાફરી હોય છતા પણ અંદર બેસનારને તેના હોવાની ખબર પડે નહિ થોડીવાર થઇ હશે કે પેલો જુવાન એક ખુબસુરત સ્ત્રીને લઇ આવ્યો અને ડબામા આવીને બેઠો પાચેક મીનીટમાજ ત્રેન ઉપડી એટલે પેલી સ્ત્રીએ પોતાના ચહેરાનો બુરકો ઉતારી નાખ્યો તો જણાયુ કે તે તો મોહમ્મદ રફીકની સ્ત્રી વહીદા અને સાથેનો જુવાન તેનો દત્તક એહમદ છે ગાડી સાબરમતી પુલ પસાર કર્યા બાદ સપાટાબંધ જતી હતી અને એ બંનેમા નીચલી વાતચીત ચાલી રહી હતી.

“ જોયુ ! મુવા રાંડને વચમા રાખ્યો તો આજે આ દશા થઇ ” વહીદાએ નિશ્વાસ નાખતા કહ્યુ

“ જવા દે એ વાત, એ લુચ્ચો બહુજ મોટો બદમાશ નીકળ્યો ” માથાનો પરસેવો લુછતા એહમદ બોલ્યો

" હવે તો કોણ જાણે આ આફતોથાથી ક્યારે છુટકારો થશે '

" જ્યારે ખુદા કરે ત્યારે "

" પણ જો તમે મોહમ્મદ શરીફની પાછળ ન પડ્યા હોત તો આજે આ મુસીબતો વેઠાવવી ન પડત "

' મને શી ખબર કે પાસો ઉલટો પડશે "

' હશે જવા દો તમે સલામત છો એટલે બસ ગંગા નાહ્યા '

" ગંગા તો નહાયાજ ! પણ મોહમ્મદ શરીફની કાંઇ મદદ કરતુ હોય એમ લાગે છે "

" તો હવે આપણુ શુ કરનાર છે ? '

' કરે શુ ? પણ ચિન્તા તો ખરીને ! "

' મારા વહાલા ! તુ ચિન્તા ન કર, પણ બતાવ કે હાલ આપણે કયા જઇએ છીએ ? '

" હાલ અજમેરમા રહીને એકાદ વરસ ત્યા પસાર કરી બીજી જગ્યાએ જઇશુ

' જેવી તારી ઇચ્છા, હુ તારી ઇચ્છાને આધીન છુ પણ જોજે દુશમનોને ખબર ન પડે નહિ તો ખોટુ થશે '

" જે થવાનુ હોય તે થાય, મે તો કરવામા કંઇએ બાકી રાખ્યુ નથી, પણ બધામા નિષ્ફળ નિવડ્યા એ પણ એક કીસમતની બલીહારીજ છેને ! પ્રથમ જેલમા જેલરથી લઇ ને સીપાઇઓ સુધાને રુપીઆ આપી મોહમ્મદ શરીફ ઉપર જુલમ કરાવ્યો, પણ તે ત્યાથીએ સલામત નીકળ્યો, ફરી લુચ્ચા નારદને એક હજાર રૂપીઆ આપી કાટલુ કાઢી નાખવાની પેરવી કરી તેમા પણ નીષ્ફળતા મળી તે બાદ મે પોતે વેશ બદલને તેની પુઠ પકડી અને એકાતમા

મારી નાખવાની બાજી રચી, પણ તેમા તો મે પોતેજ માર ખાધો. હવે તો કાઇ સમજ પડતી નથી જે ખુદા કરે તે ખરૂ" એહમદે ધડકતા દીલે પોતાની ફાગફિકરી સભળાની

" એ તો જગતમા કહેવત છે કે ખાડો ખોદે તેજ પડે "

" હા છે પણ મે જે કામ કર્યુ છે તે તારા પ્રેમમા પડીને, તારી મોહક મુરતીના પ્રકાશથી અજાઇને, તારા પ્રેમના ફદે ફસાઇને નાહ તો મને શી ગરજ કે હુ મોહમ્મદ ગરીકના ખીસામાથી મીલની તીજોરીની ચાવીઓ ચોરતો અને મીલના પટાવાલાને લાલચ આપી દસ્તાવેજો ફેરાવતો અને લાખો પેઢીઓ કરી બેકના રૂપીઆ ઉપાવતો અને બે ગુનાહ મોહમ્મદ ગરીકને ફસાવતો ! પણ પ્યારી ! માત્ર તારા માટે, સત્ય છે પ્રેમ આંધળો છે "

" એહમદ ! અને મે તારા માટે શુ નથી કર્યુ ? જો પતી પ્રત્યેના હકોપર પાણી ફેરવી તારી સાથે નીકળી આવી બાપ દાદાની આબરૂ ઉપર પાણી ફેરવ્યુ, કહે જોઇએ મે તારા માટે શુ નથી કર્યુ ? "

" બેશક, તે પણ કાઇ ઓછુ નથી કર્યુ, હશે જે થયુ તે થયુ, પણ વહાલી ! મોહમ્મદ ગરીકનો કયાયે પતો લાગ્યો નહિ, કોણ જાણે તે કયા પાતાળમા સમાઇ ગયો અને પેલો જે કાપમા મને મળ્યા હતો, તે કોણ હતો તેની પણ કાઇ ખબર મળીજ નહિ "

" અને મે તેજ વખતે મોહમ્મદ ગરીકના જેવો જે માણસ જોયો હતો તે કોણ હતો ? "

" વહાલી, એજ વાતો છે કે જે મારા લોહીનુ પાણી કરી નાખે છે "

" વહાલા ! તુ ચિન્તા ન કર, જે થવાનુ હશે તેજ થશે "

" એ તો છેજ પણ મોહમ્મદ ગરીફ બદલો લીધા વિના રહેનાર નથી, તે જરૂર આપણી શોધ કરશે "

" અરે કરવા દોને પકડીને પણ શુ કરનાર છે ? "

" કેમ નહી કરે, બહુએ કરી શકે છે "

" ચાલો હવે આવી વાતો મુકી દો, લગાર રજને દુર કરવા માટે હસો બોલો અને પ્રેમની વાતો કરો "

" નહી મને ભાસ થાય છે કે કોઈ મોટી આફત આપણા ઉપર આવશે "

' મરદ થઇને આવી વાત ન કર, પ્યારા ! હુ તારી દાસી છુ, તારા ઉપર આળ આવતા પહેલા હુ જાન કુરબાન કરી દઇશ, "

આ વાતો કરતા કરતા બન્ને નિદ્રાવશ થઈ ગયા, તે છેક સવારના ઉઠયા, ચાર વાગે અજમેરનુ સ્ટેશન આવ્યુ એટલે તરતજ સામાન ઉતરાવી ગાડી કરીને શહેરની તરફ વિદાય થયા, પેલો પોરટર પણ હળવેથી ગાડીના પાછલા બારણે બહાર નીકળી સ્ટેશનની બહાર આવી, એક ગાડી કરીને તેમની પાછળ ગયો

પ્રકરણ તેરમું.

ગતના દસ વાગ્યાના સમયે અજમેર શહેરના કસગગજ લતાના એક ઘરમા વહીદા અને એહમદ એમાને વાતો કરી રહ્યા છે, એટલામા બહારથી કોઇએ બારણુ ઠોકયુ એ સાભળતાજ એહમદે ચોકીને પુછ્યુ

"કોણ છે?"

"બારણુ ઉઘાડો"

"પણ છો કોણ?"

"માણસ!"

"નામ?"

"ગુમ નામ!"

આ સાભળતાજ એહમદના હોશકોશ ઉડી ગયા અને વહીદાના ચહેરા સામુ ટીકવા લાગ્યો, એટલે વહીદાએ હીમ્મત આપતા દરવાજો ઉઘાડવાનુ કહ્યુ જેથી હીમ્મત કરી એહમદે બારણુ ઉઘાડયુ બારણુ ઉઘડતાજ એક મજબુત બાધાનો માણસ ચેહરા ઉપર બુકાની બાધેલો ઘરમા આવ્યો એ જોઇ એહમદે ધ્રુજતા સાદે પુછ્યુ

"તમે કોણ છો કે પારકા ઘરમા ગતની વખતે આમ બે ધડક ચાલ્યા આવો છો"

"હુ કોણ છુ! બતાવુ? ડીટેકટીવ ઇન્સપેકટર બહાદુરખાન!"

આ સાભળતાજ એહમદના હોશ ઉડી ગયા, અને તે બેભાન જેવી સ્થીતીમા આભો બનીને ઉભો રહયો પરતુ વહીદા એકદમ અદરથી તેઓની પાસે દોડી આવી અને બોલી

"અહી કેમ પધાર્યા છો?"

"તમારા ધણી મોહમ્મદ રશીદે ખેરીયત પુછવા મોક'યો છે '

"કોનો ધણી ? મારો ધણી તો આ રહ્યો વળી મારો ધણી બીજો કયો છે જેણે તમોને ખેરીયત પુછવા મોકલ્યા !"

" કહુ ? બધી હકીકત કહુ ! સાભળશો ? સાભળો ત્યારે, મને શરફુદ્દીન મરહુમે, બલદેવપ્રસાદ ખુનીએ, બે ગુનાહ અનવરે અને નિરાધાર મોહમ્મદ રશીદે તમારી ખબર લેવા મોક'યો છે, આવી દમ ભરાવનારી વાતો બાજાથી કરજો હુ તો તમોને ઘણા દીવસથી ઓળખુ છુ વહીદા ! તે મને સ્ટેશન ઉપર જોઇને ચહેરો કેમ છુપાવી લીધો હતો ? એહમદ ! આ રહી તારી પીસ્તોલ અને કટારી તથા બનાવટી મુછ દાઢી, કેમ કાપતા રસ્તાની વાત યાદ છે કે ? વળી તમારી બધી વાતચીત મે ત્રેનમાજ ડબાની અદર બેઠકની નીચે સુતા સુતા સાભળી છે ' પીસ્તોલ કટારી, અને દાઢી બતાવતા બહાદુરખાને કહ્યુ

આ સાભળતાજ વહીદા અને એહમદના શરીરમા વીજળીની પેઠે ચમકારા થવા લાગ્યા પોતાના કાળા કૃત્યો ચહેરા સામે ફરવા લાગ્યા અને ધ્રુજતા ધ્રુજતા માત્ર આટલુ બોલાયુ કે " દયા કરો દયા કરો ! "

બહાદુરખાને જુસ્સામા આવીને કહ્યુ – ' દયા ! ઉપકાર કરનારની માલ મીલકત તથા સ્ત્રીને દબાવી લેનાર, એક નિર્દોષને કેદમા નાખનાર એક બેગુનાહ જુવાનને મરાવનાર, ઉપર દયા કરુ, ધીક્કાર છે, અને ધીક્કાર છે તારી આ કુલટા સાથીને કે પોતાના પ્યારા ખાવીદથી બેવફા બની ભાઇ અને દત્તક પુત્રની સાથે જાર કર્મ કર્યુ શુ આવી એક કુલટા માટે દયા ? ઓ મુર્ખાઓ ! તમારા માટે

મારી પાસ દયા નથી " બનેને પગ ઉપર પડતા જોઇ ધુતકારીને " ચાલ માગ પવિત્ર પગને ન પકડ અને બતાવ કે નિરાધાર મોહમ્મદ શરીફનો પઇસા કયા છે ? "

" અમે બધા પઇસા આપી દઇએ તો આપ અમને છાડી મુકશો ? " વહીદા અને એહમદે હાથ જોડી ગદગદિત કંઠે વિનતી કરી

' તે કાંઇ કહી શકતો નથી" બહાદુરખાને રોબમાજ જવાબ આપ્યો

" સાહેબ ! અમ ગ બનેની જુવાની ઉપર રહેમ કરો " બહાદુરખાનના પગ ઉપર પોતાના માથાઓ મુકતા બને જણાઓ બોલ્યા

" ચાલ દુર થા ! " બહાદુરખાને લાત મારીને કહ્યુ " બીજાની જુવાની ઉપર તમોને દયા ન આવી અને મારી પાસે દયાની માગણી કરો છો "

" મે મોહમ્મદશરીફના બધા પઇસા ખરચ્યા નથી, માત્ર થોડાજ રૂપીઆ ખર્ચ થયા છે, આ પેટીમા એક લાખની નોટ અને બીજા ઘરેણા છે આ બધુ આપ લઇ લો, અને અમો બનેને માત્ર કપડા ભેર જવા દો " એહમદે રડીને વીનતી કીધી

' શુ તુ મને લાલચ બતાવે છે ? લાચ આપે છે ? પણ એ મુર્ખા આ મીલકત ઉપર હુ થુકતો પણ નથી મને તો તમારા બનેનુ કામ છે "

" મહેરબાનીની રાહે અમને મુકીદો '

" નાહ ! હવે તમોને મુકવામા નહિ આવે "

જ્યારે એહમદ અને વહીદાએ જોયુ કે હવે ડીટેકટીવના પંજામાથી મુકત થવુ બહુજ મુશકલ છે, ત્યારે કાંઇ પણ શરમ વિના બને જણા એક બીજાને વળગી પડી ચોધાર આસુએ રડવા લાગ્યા.

" વહાલા ! આપણે શુ વિચાર્યુ હતુ અને આ શુ થયુ ? " વહીદાએ રડતા રડતા એહમદને કહ્યુ

" વ્હાલી ! હવે ગમે તે થાય તેની ચિતા નથી પણ તને લગારે દુ ખ પહોચશે તો મને સારૂ નહિ લાગે માટે તુ અહિંજ રહે, હુ જાઉ છુ "

" નહિ હુ પણ તારીજ સાથે છુ, પણ ઉભો રહે હુ તને એક વસ્તુ આપુ છુ તે સાથે લઈલે " આટલુ કહી હમીદાએ પેટી-માથી કટારી કાઢી અને બહાદુરખાન તેને જુએ તે પ્હેલા તો તેણીએ એહમદની છાતીમા ભોકી દીધી અને તે પછી ત ત પોતાની છાતીમા પણ તેજ કટારી ભોકી જીગર ચીરી નાખ્યુ માત્ર એક પળમાજ બને જણા ધબાધબ કરીને નીચે પડયા અને બહાદુરખાન કાઇ ઉપાય કરે તે પહેલા તો બને જણા તન્ફડીઆ ખાઇને પોતાના કર્ણીનો બદલો પામવા કીન્તાગની હજુરમા જઇ પહોચ્યા

પ્રકરણ ચઉદમું.

અમદાવાદ શહેરની સેશન કોરટમા સવારના અગીયાર વાગે લોકોની ઠઠ જામેલી છે આજે અનવરે કરેલા ખુનની તપાસ નીકળનાર હોવાથી શહેરના સર્વે આગેવાન મુસલમાન તથા હિંદુ ગ્રહસ્થોથી કોર્ટનુ મકાન ચીકાર ભરાઈ ગયુ છે શહેરના નામાંકિત બેરીસ્ટરો અને વકીલો પણ આ કેસ સાંભળવાને પોત પોતાના લીબાસમા સજ્જ થઇ ખુરશીઓ ઉપર બીરાજેલા છે એક બાજુએ કેદીઓના પાંજરામા અનવર હાથ કડીમા જકડાઈ પોલીસના પહેરા હેઠળ નીચી નજરે ઉડી ગએલા ચેહરાએ ભવિષ્યના વિચાર કરતો ઉભો છે તેની તરફથી વકીલ જમાલુદદીન કેસના કાગળીઆ હાથમા પકડી ભારે ગોચમા પડલા છે એટલામા નામદાર જડજ સાહેબ ચેમબરમાથી કોર્ટમા આવ્યા સર્વે હાજર રહેલાઓએ ઉભીને તેમને માન આપ્યુ તે બાદ તેઓએ અદલની ખુરસી ઉપર બેઠક લેતા પ્રથમ અનવરનો કેસજ હાથમા લીધો ફરયાદ પોલીસ તરફથી થએલી હોવાથી ફરીયાદના શાહીદ તરીકે વહીદુદદીનને બોલાવવામા આવ્યા વહીદુદીને કોર્ટમા આવી શાક્ષિના પાંજરામા ઉભા રહી કોર્ટના કાયદા અનુસાર પ્રતિજ્ઞા પુર્વક જણાવ્યુ

' મરનાર મારો એકનો એક દીકરો હતો, ખુનીને હુ ઓળખુ છુ ખુન થવા પહેલા ખુની પ્રત્યે હુ સારી લાગણી ધરાવતો હતો, અને તેના લીધેજ મે તેને મારી એકની એક પુત્રી પરણાવવાનો વિચાર કર્યો હતો પરંતુ મરહુમ મારો દીકરો અનવર તેની વિરૂધ્ધ હતો જે દીવસે મુબઇથી અનવર આવનાર હતો તે દીવસે હુ

મરહુમને સાથે લઈ સ્ટેશન ઉપર જતો હતો પણ ટાઈમ થઈ જવાથી ટ્રેન અમદાવાદના સ્ટેશન ઉપરથી ઉપડી ગઈ જેથી અમો ઝાપા આગળ ઉભા રહયા માગી ગાડી પાછળ આવી રહી હતી અને અમે બન્ને બાપ દીકરા ઝાપા આગળ ઉભા હતા એટલામા ટ્રેન પસાર થઇ અને તેમાથી રીવોલવરની ગોળી આવીને મરહુમની છાતીમા લાગી અને તે લાગતાજ થોડીવારમા મરહુમે પ્રાણ મુકયો મારો શક અનવર ઉપરજ છે, અને તેણેજ આ કામ કરેલુ છે એમ હુ સમજુ છુ " વકીલુદ્દીન અહી સુધી પહોચ્યા હતા કે જમાલુદ્દીને નામદાર કોર્ટની રજા લઇ સવાલો કર્યા

મને મહેરબાની કરીને જવાબ આપશો કે અનવરને શુ આ વાતની ખબર પડી હતી કે આપ બન્ને બાપ દીકરા સ્ટેશન ઉપર આવશો અને ગાડી ઉપડી જવાથી ઝાપા ઉપર ઉભા રહશો ?

નહિ પણ મને તો તેના આવવાની ખબર હતી ને "

' તો શુ તમે અનવરને રીવોલવર ફોડતા જોયો ? "

ના ! '

' તમે કેમ તેને ન જોયો ? '

' ટ્રેન પોતાની પુરી સ્પીડમા જતી હોવાથી ગોળી કોણે છોડી તે દેખાયુ નહિ "

" તે વખતે ઝાપા ઉપર તમે બાપ દીકરાજ હતા કે બીજો પણ કોઇ ઉભો હતો, ' '

" અમારા સિવાય એક ભીખારી જેવો બીજો માણસ પણ ઉભો હતો "

રાજુદ્દીન અનવરની સાથે પોતાની બેનના લગ્ન થાય તેમા કેમ નારાજ હતો ? "

'તે એમ કહતો હતો કે મને અનવરના ઉપર કુદરતી રીતે ધીક્કાર છુટે છે "

" તેણે અનવરની ગુગાઇમા બીજી કાઇ પણ વાત કરી હતી કે ? "

' ના "

જમીલુદ્દીને આ સાભળી તરતજ ઉપલા જવાબો પર નામદાર કોર્ટનુ ધ્યાન ખેચ્યુ અને ફરી કહ્યુ કે "હવે હુ કાઇ વધારે પુછવા માગતો નથી"

વહીદુદ્દીન સલામ કરી બેસી ગયા એટલે બીજા સાક્ષી તરીકે બલદેવપ્રસાદ ગાર્ડને બોલાવવાનો જડજે હુકમ કર્યો, તરતજ સીપાઈએ બલદેવપ્રસાદને હાજર થવાનો સાદ પોકાર્યો એટલે બલદેવપ્રસાદ કોરટમા આવી જડજ સાહેબને નમીને સલામ કરી સાક્ષીના પાંજરામા જઈને ઉભો ત્યા પ્રથમ પ્રતિજ્ઞા લેવરાવ્યા બાદ કોરટ તરફથી પીસ્તોલ બતાવીને સવાલ કરવામા આવ્યો

" આ પીસ્તોલને તમે ઓળખો છો ? '

" જી હા '

" કોની છે ? "

" અનવરની કેમકે તેનુ નામ પીસ્તોલ ઉપરજ કોતરેલુ છે "

" તમને ક્યાથી મળી ? "

" ૨૧૦ નબરના સેકન્ડ કલાસના ડબ્બામાથી "

" ખુન થયુ તે બાબતમા તમે કાઈ જાણો છો ? અગર જાણતા હો તો કહો "

બલદેવપ્રસાદે ખોખાર મારી રૂમાલથી પરસેવો પુછી કહ્યુ,

" અમદાવાદના સ્ટેશનથી મેલ ટ્રેન ઉપડી ત્યારે મે શાહીબાગમા ઝાપાની લગભગ એક ડબ્બામાથી ધુમાડો નીકળતા જોયો તે વખતે

હુ બ્રેકવાનમા ઉભેલો હતો ધુમાડો નીકળતો જોઇ હુ સમજ્યો કે કોઇ બીડી પીતુ હશે પરંતુ જ્યારે વીરમગામના સ્ટેશન ઉપર ખુની પીસ્તોલ મુકીને ન્હાસી ગયો ત્યારે મને એમ વીચાર થયો કે કદાચ આ પીસ્તોલનો તેણે ખ્નતામા ઉપયોગ કીધો હશે તેથી તે પીસ્તોલ મે ઉપાડી લઈને સ્ટેશન માસ્તરની મારફતે તપાસ કરવા માટે પોલીસને મોકલી આપી, " બલદેવપ્રસાદ અહીં સુધી પહોચ્યો કે વકીલ જમીલુદદીને નામદાર કોરટની રજાથી નીચલા સવાલો કર્યા

" કહો જોઇએ ગાર્ડ સાહેબ ! સેકન્ડ કલાસના ડબામા ખુની સીવાય બીજુ કોઈ હતુ કે ? "

" કોઇ નહિ "

" તમે સાચુજ કહો છો ? '

" હા સાચુજ કહુ છુ "

" ત્યારે વારૂ કહો જોઇએ સુરતના સ્ટેશન ઉપર ૩૧૦ નંબરના સેકન્ડ કલાસના ડબામા છાનામાના તમે કેમ ગયા હતા અને પીસ્તોલ લઇને કેમ બહાર નીકળ્યા હતા ? "

આ સાભળતાજ બળદેવપ્રસાદના પગ ઢીલા થઈ ગયા, તોપણ હિમત રાખી જવાબ આપ્યો

" જુઠુ, તદન જુઠુ ! હુ સુરત સ્ટેશન ઉપર સેકન્ડ કલાસના ડબામા ગયોજ નથી, '

" વારૂ બીજો સવાલ કરૂ છુ કહો જોઇએ તમે પીસ્તોલ અધ્ધર કરવાની વાત કોઈ મીઠાઇવાલા વાચીને કહી હતી કે ? "

' ના હુ કોઇપણ મીઠાઈવાલાને ઓળખતો નથી '''

" શુ તમને સો રૂપીઆ આપનાર ઘાચીને તમે ઓળખતા નથી ? "

" નહિ "

" અને ત્યારે તમે કોઇ પણ મીહાદનાનાને આ કોપીઆની ચીઠ્ઠી નખી આપીજ નથી ? "

' નહિ "

" જુઓ ત્યારે આ તમારી ચીઠ્ઠી છે કે ? " જમીલુદ્દીને એ કોપીઆની ચીઠ્ઠી બતાવતા કહ્યુ

" ના આ બનાવટી ચીઠી છે, " બલદેવ પ્રસાદે અચકાતા અચકાતા જવાબ આપ્યો,

' વારુ તમે અનવરને પહેલા ઓળખતા હતા ?

" નહિ "

" ત્યારે ફરી તમે હોટલમા તેની પાસે કેમ ગયા હતા અને તે તમને આ પીસ્તોલ તમારી પાસે ક્યાથી આવી હતી ? "

' હુ કોઇ પણ હોટલમા ગયોજ નથી "

" ત્યારે જુઓ આ તમારી અને અનવરની છબી સાથે ક્યાથી આવી ? " છબી બતાવતા જમીલુદ્દીને પુછ્યુ

" તે હુ જાણતો નથી " ધ્રુજતા પગે બલદેવપ્રસાદે જવાબ આપ્યો

' વારુ ત્યારે તમે એહમદને ઓળખો છો ? "

આ સાભળતાજ બળદેવપ્રસાદના હાજા ગગડી ગયા અને પેશાબનુ બ્હાનુ કરી બહાર જવા લાગ્યો, પણ જમીલુદ્દીને કોર્ટનુ ધ્યાન ખેચ્યા પોતાના સવાલોના જવાબ આપવા માટે અરજ કરી જે ઉપરથી નામદાર જડજે બલદેવપ્રસાદને બરોબર રીતે જવાબ આપવાની ફરજ પાડી એટલે લાચારીએ પાછા પાજરામા જઇને ઉભો રહ્યો

જમીલુદ્દીન વકીલે કોર્ટમા બેઠેલા એક યુરોપીયન તરફ આગળી બતાવતા પુછ્યુ

"વારૂ ગાર્ડ સાહેબ ! ત્યહા જેનાએ પેની ખુરશી પર બેઠેલા ઇન્જીનીયર મી૰ એનરીને તમે ઓળખો છો અથવા તમોએ તેઓને કાઇ દીવસ જોયા છે ! "

" ના "

" તમે કેમ નથી ઓળખતા, મી૰ એનરી પણ અનવરનાજ ડબ્બામા બેઠા હતા ને "

" હશે હાલમા મારૂ મગજ ઠેકાણે નથી "

" ઉભા રહો હમણા ઠેકાણે આવી જશે જુઓ આ કાગળ કોનો લખેલો છે ? " જમીનુદ્દીને કાગળ બતાવતા પુછ્યુ

" મામામારો છે, " ગભરાઇને બલદેવપ્રસાદ બોલ્યો

' આ કાગળમા તમે એહમદની સાથે શુ વાયદો કરેલો છે ? '

આ સાભળતાજ બલદેવપ્રસાદ પાજરામાથી બહાર નાસવા જતો હતો પણ નામદાર જડજ સાહેબના હુકમથી તરતજ પોલીસે બેડીઓ પહેરાવી દીધી. તે બાદ નામદાર જડજે પુછ્યુ

" તમે એહમદને ઓળખો છો ? '

' હા, "

" હવે તે ક્યા છે ? "

" મને ખબર નથી "

" તમે આ પીસ્તોલ કેમ ચોરી ? "

" મને પસદ પડી હતી "

" તમે શરફુદ્દીનનુ કેમ ખુન કીધુ ? "

" મારી નેમ સરફુદ્દીનને મારવાની નહોતી પણ એહમદના

કરમાવ્યાથી મોહમ્મદ રશીદ નામનો માણસ ઝાપાની પાસ ઉભો હતો તેને મારવાની હતી પરંતુ નેમ ચુકી જવાથી મોહમ્મદ રશીદ ઉપર છોડેલી ગોળી શરફુદ્દીનને લાગી ગઇ ”

“ તમે હોટલમા કેમ ગયા હતા ? ”

“ અનવરને પીસ્તોલ આપી તેના બદલામા સારી રકમ લેવા માટે ”

‘ તો ફરી અનવરે આપ્યા ? ”

“ જો તેણે રૂપીઆ આપ્યા હોત તો હુ પીસ્તોલ પોલીસને શુ કરવા આપત ”

“ ત્યારે ભુલમા શરફુદ્દીનને ગોળી વાગી ગઇ, તમે જાણી જોઇને મારી નથી ’

“ જી હા

તે બાદ નામદાર જડજના હુકમથી ડીટેકટીવ ઈન્સ્પેકટર બહાદુરખાન ઉભા થયા અને તેઓએ પહેલાથી તે છેલ્લે સુધી કેસની હકીકત કોરટને સમજાવતા મોહમ્મદ રશીકને રજુ કર્યા અને અજમેરથી લાવેલી પકી એક લાખ રૂપીઆની નોટો અને ઘરેણા સહીત નામદાર કોરટને સુપરદ કરી તે બાદ પોતે વેશ બદલીને જે જે કામ કર્યું હતું તે સઘળુ નિવેદન કરી દીધુ, એટલે તે ઉપરથી એક કલાક કોરટ જુરી સહીત વિચાર કરવાને ઉઠી, અને એક કલાક બાદ આવી નામદાર જડજે લબાણથી આ કેસનો ચુકાદો આપતા પોલીસની સારી પેઠે ખબર લઇ અનવરને જુરીના મત સાથે મળતા થઇ નિર્દોષ ઠરાવી માન સહીત છોડી મુકયો અને બલદેવપ્રસાદની લબાણ તપાસ કરી જન્મ દેશનિકાલની સજા કરી

જે વખતે અનવર નિર્દોશ ગણીને છુટયો તે વખતે તેની આંખો માંથી આનંદના આંસુઓ જાતી હતા, કોરટમાં હાજર રહેલ લોકોએ તેને માનથી વધાવી લીધો અનવરે પ્રથમ જમીલુદ્દીનના પગે પડી તેમના હાથોને બોસા દીધા જમીલુદ્દીને અનવરને ગળે વળગાડી બહાદુરખાનથી મેળવ્યો, અને કહ્યું કે તારા ખરા ઉપકાર તો આ ભલા બહાદુરખાનનો માનવો જોઇએ કે જેમના પ્રતાપે તું આજ છુટવા પામ્યો છે અનવર બહાદુરખાનના પગ ઉપર પડી ગયો, તેઓએ તરતજ તેને ઉઠાડી ગળે વળગાડી આશીર્વાદ આપ્યા જ્યારે વહીદુદ્દીને અનવરને નિર્દોશ ઠરેલો જોયો ત્યારે તેઓ એકદમ દોડતા આવીને અનવરને વળગી પડ્યા અને રડીને માફ માગવા લાગ્યા અને તરતજ પોતાના હાથથી હીરાની વીંટી ઉતારી આ કહેતાની સાથેજ પહેરાવી દીધી, કે—"બેટા આજથી તું મારો જમાઈ અને દામાદ થયો છે ને તારા વહેમ જે ન બતાવ્યો તે માટે તું મને માફ કર, પોતાનની નમકહલાલી થીજ મે આ પગલું ભર્યું છે

કોરટની બહાર નીકળતા લોકોએ હુર્રે !! પોકારોથી અનવરને વધાવી લીધો અને પછી કેઇ જમીલુદ્દીનને મુબારક સલામત કહેતા ગયા આખા શહેરના આજ વાતો કેતા અનવર અને જમીલુદ્દીન પોતાના બંગલે પહોંચ્યા, વહીદુદ્દીન પણ પોતાને બંગલે ગયા અને કોરટની સઘળી હકીકત પોતાની પત્નીને કહી સંભળાવી, જેથી તેણે પણ ખુશી થઇ અને લગ્નની તઇયારીઓ થવા માંડી જમીલાએ જ્યારે અનવરના છુટકારાના ખબર સાંભળ્યા ત્યારે તે હદથી વધારે ખુશી થઇ અને ભવિષ્યની ઉમદા !! સુખી સ્વપ્ના જોવા લાગી

પ્રકરણ પંદરમું.

વહાલા વાચકો, ઉપલી વારતાને આજે દશ વરસ થઈ ગયા છે, કેસનો ચુકાદો થયા પછી પદર દીવસમાજ અનવરના લગન જમીલા સાથે થઈ ગયા, અને આજે ખુદાની મહેરબાનીથી અનવર એક આઠ વરસના પુત્રનો પીતા પણ થયો છે અનવરે પોતાના પુત્રનુ નામ પોતા ઉપર ભારે એહસાન કરનાર ઇન્સ્પેકટર બહાદુરખાનનુ નામ કાયમ રહે તેટલા માટે બહાદુર રાખ્યુ છે લગ્ન પછી અનવર એમ એ ની પરીક્ષા ફતેહમદીથી પસાર કરી અને તે બાદ વ્યાપારી લાઇનમા જોડાયો આજકાલ વ્યાપારી વરગમા અનવરે જે મ તબો મેળવ્યો છે તે બહુજ થોડા જણાઓએ મેળવ્યો હશે

મી બહાદુરખાન હવે એકના બહાદુરખાન નથી પણ નામદાર સરકારે તેમની સારી નોકરી જાઈ પહેલા વરગના સરદારનો તથા ખાનબહાદુરનો ખિતાબ આપી સરદાર ખાન બહાદુર બહાદુરખાન બનાવી દીધા છે તેઓ હજુસુધી પોતાના તેજ અસલી બગલામા નાત જીદગી ગુજારે છે, અને કોઈ પણ ગરીબ ગરબાના કામમા જાનતોડ મહેનત કરે છે

મોહમ્મદ શરીફને બહાદુરખાનના પ્રતાપે પોતાની બધી મિલકત ફકત થોડી રકમ સિવાય તરત મળી છે તેણે સુરતને સદાને માટે મુકી અમદાવાદમા રહેઠાણ રાખ્યુ છે નહીરુદીનના બગલાની નજીકજ એક બગલો લઇ અનવરના બેટા બહાદુરને પોતનો વારસ બનાવી સુખી જીદગી ગુજારે છે

જમીલુદ્દીન વકીલે વકીલાતમા જે નામના મેળવી છે તે આજ સુધી કોઇને મળી હોય તેમ જણાતુ નથી, વૃદ્ધાવસ્થા થવાથી હવે તેઓએ ધધાને સલામ કરી અનવરની સાથેજ જીદગી ગુજારવાનુ પસદ કર્યુ છે વળી એમ પણ સભળાય છે કે તેઓએ પોતાની મીલકતનો વારસ પણ અનવરનેજ બનાવ્યો છે

જમીલાની આયા હજુ સુધી જીવતી છે અને તે સુખે જીદગી ગુજારી રહી છે

બલદેવપ્રસાદ ગાર્ડ આન્દમાનના ટાપુમા કોણ જાણે મરી ગયા કે જીવતો છે.

વહીદુદ્દીને પોતાના મીત્રો બહાદુરખાન જમીલુદ્દીન અને મોહમ્મદ રફીકની મદદથી એક હલ્લામા બાળકો માટે યતીમખાનુ સ્થાપ્યુ છે અને દરમાસે પોતાના ત્રણ મીત્રોની પાસેથી સારી રકમ લઇ યતીમોની સેવા ચાકરી કરે છે પોતે બહુજ વૃદ્ધ થઇ ગયેલા હોવાથી ધધો વ્યાપાર અનવરને સ્વાધીન કરી દીધો છે, આખો દીન યતીમોની પરવરીશમા ગાળે છે અને પોતાના જમીલાના પુત્ર બહાદુરની આગળી પકડીને આખો દીવસ યતીમખાનામા ફરે છે અને કોઇ કોઇ વખત પોતાના નવાસાની આગળ ગુજરેલી વાતો કહી સભળાવે છે

મી. નિઝામુદ્દીન કુરેશીના લખેલા પુસ્તકોનુ
ટુંક લીસ્ટ

જંગેબદ્દર–(સચિત્ર) ઇસલામી તવારીખમા જંગેબદ્દરનુ નામ પ્રખ્યાત છે દરેક મુસલમાન તેની હકીકત જાણવા માટે ઉત્સુક રહે છે મી કુરેશીએ ઇસલામની આ સૌથી પહેલી લડાઇનો અહેવાલ વાર્તા રૂપે લખ્યો છે જેમા હઝરત મોહમ્મદ સલ૦ ની મુબારક જીંદગીના કેટલાક બનાવો તથા હિજરત વિગેરેની હકીકત પણ લખવામા આવી છે આ એજ મહાન લડાઇ છે કે જેમા ગણત્રીના મુસલમાનોએ મક્કાના હઝારો મુશારકોને સખત હાર આપી હતી સાત સુંદર ફોટો સાથે અને કપડાની સોનેરી નામનો બાંધણીના પુસ્તકની કીમત દોઢ રૂપીઓ

જંગે ઓહદ–જંગે બદ્દર પછી ઓહદની લડાઈ થઇ હતી જેમા મક્કાના મુશારકો મદીના ઉપર ચઢી આવ્યા હતા આ વેળા ઓહદ નામની જગ્યાએ મુસલમાનોનો મુકાબલો થયો અને જેમા હઝરત હમઝા રદી૦ શહીદ થયા તથા હઝરત સલ૦ના દાંત મુબારક પણ શહીદ થયા ખાસ વાચવા લાયક છે કીમત દસ આના

નઝરબંદ ગાઝી–સુલતાન મેહમુદ ગઝનવીએ સોમનાથ ઉપર કરેલી ચડાઇમા બનેલા એક બનાવનુ વાર્તારૂપે વર્ણન છે એક સુલતાની વીર બેદી રીતે મર્ણ સ્થીતીએ સમુદ્રમા તણાતો સોમનાથના મહારાજાની કુંવરીના હાથે સપડાય છે રાજકુંવરી આ મહેરબાન મહેમાનને છુપી રીતે ભોયરામા નઝરબંદ કરે છે છેવટે સોમનાથ સર થતા ગાઝી અને રાજ કુંવરીનો ભેદ ખુલ્લો થાય છે વરસો પછી વિખુટા પડેલા કુટુંબીઓ એક બીજાને ભેટે છે પાકા પુંઠાની બાંધણીના પુસ્તકની કીમત દોઢ રૂપીઓ

દુશમને કમાલ–(સચિત્ર વાર્તા) ગાઝી મુસ્તુફા કમાલ પાશાની ચળવળને તોડી પાડવા મુસ્તફા સગીર નામના હીંદી જાસુસના કરતુતોનુ વાર્તા રૂપે વર્ણન મુસ્તફા સગીરનુ હસતમબોલ પહોચવુ એક હીંદી નોકરની મારફતે બાતમી મેળવવી અને ઝીનાન નામની તુર્કી બાળાના પ્રેમમા સપડાવુ છેવટે તે બાળાનાજ હાથે અંગોરામા મુસ્તફા સગીરનુ ફાસીના લાકડે ચઢવુ વીગેરે વર્ણન ઘણુ રમીક છે કીમત દસ આના

જુવાની દીવાની–લાડમા ઉછરતા બાળકો કેવી રીતે પાયમાલ થાય છે તેનો આબેહુબ ચીતાર આ વાર્તામા આપવામા આવ્યો છે નાટકના છંદમા પડી કેટલે દરજ્જે ખુવારી ખમવી પડે છે તે વાચતા કુછંદમા પડેલા બાળકો સુધીરી જાય છે કીમત આઠ આના

નસીરૂદદીન–ચડતી પડતીના ચિતાર દર્શાવનારી વાર્તા નસીરદીન નામના ગૃહસ્થે પોતાપર વીતેલી વીટંબણાઓનો રસીક એહવાલ વાર્તાના રૂપમા વર્ણવ્યો છે કીમત દસ આના પો જુદુ

જનરલ રાફત પાશા–(ફોટો સાથે) જનરલ રાફત પાશા કમાલી વીરોમાના એક છે તેમના કારનામાઓ વાચવા લાયક છે કીમત બે આના

નુરૂદ્દીન પાશા–(ફોટો સાથે) જનરલ નુરદીન પાશાનુ ચરિત્ર અને કારનામાઓ કીમત બે આના

અનવર શહીદ–(ફોટો સાથે) ગાઝી અનવર પાશા શહીદનુ ચરિત્ર કીમત ચાર આના

ફિલ્ડ મારશલ ફેવઝીપાશા–(ફોટો સાથે) અનાતોલીયાની લડતનુ વર્ણન કીમત બે આના

સલીમ અને મહેરૂન્નીસા–હિંદના મહાન મુગલ શહેનશાહ જહાંગીર અને તેમની બેગમ નુરજહાનની પ્રેમ કથાથી કોણ અજાણ

છે ? ખાસ વાચવા લાયક છે કીમત દસ આના પોસ્ટેજ જુદુ

અણધારી આફત—છુપી પોલીસને લગતી ભેદ ભરમવાળી વાર્તા ખાસ વાચવા લાયક છે કીમત દસ આના પોસ્ટેજ જુદુ

જહાંકદર—નાદિર શાહે દીલ્લી ઉપર કરેલી ચઢાઈ વખતની ઇતિહાસીક પ્રેમ કથા મહમદશાહ રંગીલાનો દરબાર અને જહાંકદરની બહાદુરી કીમત છ આના પોસ્ટેજ જુદુ

કનીઝે ફાતમા—કનીઝે ફાતમા નામની બાળા ઉપર પડેલી વિપતીઓની દર્દનાક કહાણી ખાસ અસરકારક અને બોધદાયક છે આ વાર્તાની ઉર્દુ આવૃતિ વિલાયતના સિવિલ સર્વિસના ઉર્દુ કોર્સમા મંજુર થએલી છે કીમત માત્ર ૧—૮—૦ પોસ્ટેજ જુદુ

આબેદા ભાગ ૧—ઇસ્લામ ધર્મના મહાન શિક્ષણો વાર્તાના રૂપમા વર્ણવેલા છે અને આબેદા નામની એક બાળાની જીદગીના વૃતાતમા તેનો સમાવેશ કરેલ છે કીમત બાર આના પોસ્ટેજ જુદુ

અખતર મહેલ ૦—૨—૦ **ઈદની એક અનમોલ ભેટ** ૦—૨—૦ **ફાકામાં રોઝા** ૦—૧—૦

ગવહરજાન અથવા **અલબેલી નાર**—મી કુરેશીની આ પ્રખ્યાત વાર્તાની થોડીક કોપીઓ વેચવાને આવી છે માટે તરતજ મગાવો કીમત દોઢ રૂપીઓ

અમારા નબી અને તેમના બોધ વચન—હઝરત મોહમ્મદ સ૦ ના મુબારક જન્મથી તે દુનિયાથી પરદાપોશ થયા ત્યા સુધીનુ વૃતાત સરળ અને સહેલી ગુજરાતીમા લખવામા આવ્યુ છે. વળી હદીસોની મુસતનદ કિતાબોમાથી બોધ લેવા લાયક ત્રણસો હદીસોનો સંગ્રહ કરવામા આવ્યો છે કીમત આઠ આના પોસ્ટેજ જુદુ

અલ ઇસ્લામ-આ પુસ્તકમા વીસ વિષયો ઉપર વિવેચ-
નામા આવ્યુ છે બીજા ધર્મોના મુકાબલામા ઇસ્લામ ધર્મની
સાર્થ સાબીત કરી દેખાડવામા આવી છે કીમત એક રૂપીઓ બાર

કૃષ્ણ કથા-(સચિત્ર) હઝરત ખ્વાજા હસન નિઝામીએ
શ્રી કૃષ્ણ મહારાજનુ "કૃષ્ણબીતી" નામનુ ઉર્દુ ભાષામા
ચરિત્ર તદ્દન નવીજ ઢબે લખ્યુ છે તેનુ આ ગુજરાતી અનુવાદ
મુસલમાનોએ અવશ્ય આ મહાપુરુષનુ ચરિત્ર વાચી વાકેફ
થવુ જોઇએ કીમત દોઢ રૂપીઓ,

અમારા નબી	૦-૨-૦	**અમારા રસુલના સદ્ગુણો**	૦-૧-૦
તઝકીરએ મોહરમ	૦-૨-૦	**તોહફએ ઇદુઝ્ઝોહા**	૦-૧-૦
મઝહબી નોંધ પોથી	૦-૧-૦	**ઇદના ઇસ્રાર**	૦-૧-૦
હાલાતેહઝરતમબોલ	૦-૮-૦	**બહારે રમઝાન**	૦-૨-૦

હઝરત મોહમ્મદ મસ૦ નુ ટુંક જીવન વૃત્તાત-ત્રીજી
આવૃત્તી બહાર પડી ચુકી છે પાકી બાંધણીના પુસ્તકની કીમત દોઢ રૂપી

હઝરત પીરાનેપીરનુ જીવન ચરિત્ર-ગુજરાતી ભાષ
હઝરત પીરાને પીરનુ આવુ ચરિત્ર પહેલુજ છે પાકી બાંધણ
કીમત એક રૂપીઓ

રૂપગાન નિઝામીની વાર્તાઓ, અને જગે ત્રીપોલી નામની વાર્તા
ચાર ભાગ ખલાસ થઇ ગયા છે

અમીર હસન નિઝામી. પાચપટી,-**અમદાવાદ.**

સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિર

તરફથી

હવે પછી પ્રગટ થનારાં પુસ્તકો

સૌરાષ્ટ્રની રસધાર

રશિયાનો ઇતિહાસ

સતારાની કથા

ભક્તોના ચરિત્રો

શાહજહાન

સ્વાધીન હંગેરી

આ બધાં થોડાજ સમયમાં બહાર પડશે.

સૌરાષ્ટ્ર સાહિત્ય શ્રેણિના ગ્રાહકોને આ બધાં પુસ્તકો શ્રેણિના ક્રમાંક તરિકે, એટલે સસ્તી કિમ્મતે પડે છે.

સૌરાષ્ટ્ર કાર્યાલય : રાણપુર
(બી. એસ. રેલ્વે-કાઠિયાવાડ)